શ્રી સ્વામિનારાયણ

january' 2009

પ.પૂ.ધ.ધુ આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજે નિર્માણ કરાવેલ અમદાવાદ મંદિરનો કાષ્ટકલાનો ભવ્ય સભામંડપ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. • Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.


1


2


3



4


5



6

(૧) કાણોતર (નળકાંઠા) ગામે શ્રીહરિના પ્રસાદીના સ્થળે બનાવેલ છત્રી-ચરણારવિંદની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૨) કાણોતર ગામે સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શનની પ્રતિક્ષા કરતા હરિભક્તો. (૩) કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૪) સર્વોપરિ છપૈયા ધામ જન્મ સ્થાનના દર્શને ઉમટેલા ત્યાંના ધાર્મિકજનો. (૫) જેતલપુરવાડી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શ્રી સરસ્વતી પૂજન પ્રસંગે કીર્તન-ભક્તિ કરતા વિદ્યાર્થી-સંતો. (૬) શ્રીજીમહારાજે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા પ્રસંગે કાંકરિયા સરોવરે શહેર ચોર્યાસી કરી હતી તેવા પુણ્ય પવિત્ર સ્થળે "કાંકરિયા કાર્નિવલ ૨૦૦૮" લોકાર્પણ પ્રસંગે આપણા જેતલપુર વાડી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થી-સંતો મંગળાચરણ કરતા.



संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વા. નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 21 જનવરી-2009


અનુક્રમણિકા

૧	અસ્મદીયમ્	૦૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૩
૩	આનંદની હેલી (લાડુની રામાયણ)	૦૫
૪	હું કોણ .....?	૦૬
૫	આપણો સત્સંગ	૦૮
૬	ત્યાગ હી સર્વસ્વ	૧૦
૭	સુખી થાય સર્વજન એવી સમદૃષ્ટિ ઈશ્વરની	૧૧
૮	આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ	૧૨
૯	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર	૧૩
૧૦	પરમપૂજ્ય ધ.ધુ. મોટા મહારાજશ્રીનું દુબઈ (ગલ્ફ) સત્સંગ પ્રચારાર્થે વિચરણ	૧૪
૧૧	સત્સંગ બાલવાટિકા	૧૫
૧૨	ભક્તિ સુધા	૧૭
૧૩	પ્રશ્નપેટી	૧૯
૧૪	સત્સંગ સમાચાર	૨૦
૧૫	શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના	૨૯

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અસ્મદીયમ્



તંત્રીશ્રીની કલમે....

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્રના ધૂન્યની રમઝટ થી આખા ધનુર્માસમાં મંદિરોમાં ભક્તોની ભીડ તો બધાજ મંદિરોમાં થાય છે. સામાન્ય શ્રદ્ધાવાળા અને સૂર્યવંશી ભક્તો પણ ધૂન્યમાં આવવાનું પસંદ કરે છે. વહેલી પ્રભાતમાં સુક્ષ્મ શરીર, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અડધા સુષુપ્તિ અવસ્થામાં હોય એટલે ભગવાનનું ભજન કરવામાં વિઘ્ન કરતા નથી. સૂર્યોદય બાદ બધા જ અંત: શત્રુઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને માણસ પર કબજો જમાવી દેતા હોય છે. આવા જ પ્રકારની ધૂન્ય જો સૂર્યોદય બાદ રાખવામાં આવે તો પાંચ પચીસ ટકા પણ સફળતા ન મળે. તેથી અંત: શત્રુઓ અને સૂક્ષ્મ શરીરનું આક્રમણ ન થાય તેના પહેલા ભજન કરવા બેસવામાં આવે તો ખૂબજ સુખ આવે. મહારાજની મૂર્તિને સંભારીને મહામંત્રનો જપ કરવામાં આવે તો આત્મ બળમાં ખૂબજ વધારો થાય છે. અંત: શત્રુઓ અને કુસંગ પર પ્રતિકાર શક્તિ વધતા ભગવાન પ્રત્યે પ્રીતિ વધે છે. અને આત્મખોજ કરવાનો પવિત્ર વિચાર આવે છે. જે સત્સંગમાં નક્કી કરેલી રૂટીંગ સેવા, પૂજા, દર્શન ભજન ભક્તિના સાધનો સામાન્ય વિચાર અને અવસ્થામાં થયા કરતા હોય છે. પણ તેમાં વેગમાં તીવ વેગ થવાની અને ભગવાનમાં અત્યંત પ્રેમઅને ભગવાન પ્રત્યે અત્યંત આકર્ષણ એવા વેગમાં જોઈએ કે વચમાં કોઈ વ્યવહાર કે જગત વેગને અટકાવે નહિ. સામાન્ય પ્રકારનો સત્સંગ કરવાથી વેગ મળતો નથી તે તો શારીરિક નિત્ય વિધિની જેમથયા કરે પણ તેમાંથી ચેતનાનો ઉભેરો થવા પામતો નથી. બાંધેલી ગતિ કરતાં દિન પ્રતિદિન ભગવાન પ્રત્યે આકર્ષણ વધતું રહે તો સમજવું કે મન, કર્મ, વચનથી ભગવાનને પ્રસન્ન કરવા માટે સત્સંગ કરીએ છીએ. અને ધૂન્ય પુરી કરીને પ્રસાદીનો સ્વાદ મળે છે કે ભજનનો સ્વાદ મળે છે તેનું સંશોધન અવશ્ય કરવું. તો વહેલી સવારે આત્મખોજ કરીને ગતિમાં સુધારો થયો કે નહિ તે ધનુર્માસમાં જ તપાસી લેજો.

તંત્રી શ્રી (મહંત સ્વામી) સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૦૮)

૧. પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલને ત્યાં પધરામણી, નિકોલગામરોડ.

૩. પ.ભ. સમીરભાઈ પરીખને ત્યાં પધરામણી, વટવા.

૪. પ.ભ. સુરેશભાઈ જી. ચૌધરીને ત્યાં પધરામણી, હિંમતપુરા, અજરાપુરા ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૫. વિસનગર ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૬. વિહાર ગામે પ.ભ. કાંતિભાઈ જોઈતારામ પટેલની જીવતચર્યા પ્રસંગે આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી. ત્યાંથી નાથદ્વારા પધાર્યા.

૭. નાથદ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮. લવારપુર ગામે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૯. શિયાળ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર અને કાણોતર ગામે તુલસી વિવાહ પ્રસંગે અને હરિભક્તોના ઘરોઘર પધરામણી.

નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સર્વોપરિ શ્રી લક્ષ્મીનારાયણદેવના પાટોત્સવ અભિષેક પ્રસંગે પધરામણી.

જેતલપુરધામ પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.

૧૧. વડુ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૨. સિધ્ધપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રથમ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળી દર્શનાર્થે પધાર્યા.

૧૪. સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

પ.ભ. રમેશભાઈ અંબાલાલ (લક્ષ્મી દુગ્ધાલયવાળા)ને ત્યાં પધરામણી, વિરાટનગર.

૧૫ થી ૧૯ પોખરા (નેપાળ) પારાયણ પ્રસંગે અને પુલ્હાશ્રમ દર્શનાર્થે પધાર્યા.

૨૦. મેથાણ (મૂળીદેશ) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૧. ચાંદલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

બાલવા ગામે લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા.

૨૨. કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

પ.ભ. કાંતિભાઈને ત્યાં હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી, જોધપુર.

૨૩. પ.ભ. અનંતભાઈને ત્યાં પધરામણી, નારણપુરા.

સાણંદ ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૪. શ્રી ઠાકરસીભાઈ ઓઘડભાઈ ચાવડા, શ્રીહરિભાઈ મોતીભાઈ પરમાર, શ્રી રણછોડભાઈ કરશનભાઈ પરમાર (બળોલભાલવાળા) તથા શ્રી ભગવાનભાઈ જાદવભાઈ, શ્રી લલીતભાઈ બચુભાઈ પટેલ અને શ્રી ભીમજીભાઈ વાટલીયાને ત્યાં પધરામણી નવા નરોડા અને નિકોલ.

૨૫. બળોલ (ભાલ) (મૂળીદેશ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ખોડા, ચંદ્રાસણ ગામે સત્સંગ સભા અને સાણંદ ગામે હરિભક્તોને ત્યાં પધરામણી.

૨૭. પ.ભ. સુમેરભાઈ અરજણભાઈ દેસાઈ અને શ્રી ઘનશ્યામભાઈ અરજણભાઈ દેસાઈને ત્યાં પધરામણી, બાપુનગર.
૩૦. પ.ભ. મગનભાઈ પી. લહેરીને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, બાપુનગર.
પ.ભ. પ્રદિપભાઈ રતિલાલ ઠક્કરને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. ગૌરાંગભાઈ બાબુભાઈ કોઠારીને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, બાપુનગર.
પ.ભ. પ્રકાશભાઈ બાબુભાઈ પટેલને ત્યાં પધરામણી, ઠક્કરનગર રોડ.

(ડિસેમ્બર - ૨૦૦૮)

૧. ટીંબા (મૂળીદેશ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨. વાવોલ ગામે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર (સેકટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૪. સારંગપુર શ્રી કષ્ટભંજનદેવ નૂતનમંદિરની શિલાન્યાસ વિધિ પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર (મૂળીદેશ) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
૬. પ.ભ. બાલચંદભાઈ રવજીભાઈ દોંગાને ત્યાં પધરામણી, હર્ષદકોલોની - બાપુનગર.
૭. મહેસાણા નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત વિજય સ્થંભ સ્થાપના પ્રસંગે પધરામણી.
૮. ડાંગરવા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯. વાંકાનેર (મૂળી દેશ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું)ના ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
૧૦. પ.ભ. પ્રેમજીભાઈ ઠાકરસીભાઈ પટેલને ત્યાં ધૂન પ્રસંગે પધરામણી, ધરમપુર.
પ.ભ. નટવરસિંહ વરવાજી ચાવડાને ત્યાં પધરામણી, ચાંદખેડા.
પ.ભ. કાંતિભાઈ જોઈતારામપટેલને ત્યાં પધરામણી, સોલાગામ.
૧૧. બાયડ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. પ.ભ. બચુભાઈ ડી. અમીનને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, વેજલપુર.
પ.ભ. કાંતિભાઈ પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. ધર્મેશભાઈ કાંતિભાઈ વિઠ્ઠલભાઈને ત્યાં પધરામણી, મોટેરા રોડ.
૧૩. વસઈ (ડાભલા) શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪-૧૫. ભુજ (કચ્છ) કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
૧૬. શ્રી હનુમાનજી મહારાજની આરતી ઉતારવા પધાર્યા, રતનપોળ.
પ.ભ. પ્રહલાદભાઈ હરજીવનભાઈ સોનીને ત્યાં પધરામણી, પાનકોરનાકા.
પ.ભ. હિમંતભાઈ ચૌહાણને ત્યાં પધરામણી, નવા વાડજ.
૧૭. બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.
૧૮. ડાંગરવા ગામે નવા મુમુક્ષુઓને ગુરુમંત્ર અને કંઠ ધારણ પ્રસંગે પધરામણી.
૨૦ થી ૨૧ ભુજ (કચ્છ) પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, કાંકરિયા પારાયણ પ્રસંગે પધરામણી.

"વિદેશ ધર્મયાત્રા"

૨૪ થી ૧ જાન્યુઆરી-૦૯ આપણા દારેસલામ(ટ્રાંઝાનિયા) મંદિરના પાટોત્સવ પ્રસંગે અને નાઈરોબી આદિ આપણા મંદિરોમાં દર્શનાર્થે અને હરિભક્તોને ત્યાં પધરામણી અને સત્સંગ પ્રચાર અર્થે વિચરણ.

આનંદની હેલી

લાડુની રામાયણ



- શાસ્ત્રી હરિજીવનદાસ (હિંમતનગર મહંત)

એ વખતે મહારાજ મરચા અને મીંઢીયાવળ ના ગોળા જમતાં મીંઢીયાવળને ખાંડીને તેના બે ગોળા બનાવ-ડાવતા. સંતોની પંક્તિમાં રોટલા પીરસીને - મહારાજ બે ગોળા જમી જતા. ભુજમાં આ ક્રમ દરરોજ ચાલતો.

એક દિવસ સુંદર પ્રસંગ બન્યો, સંતોની પંક્તિમાં પ્રભુ રોટલા પીરસતા હતા. દૂર થાળીમાં મરચા ને મીંઢીયાવળના બે ગોળા પડેલા. એવામાં કોઈ મહાત્માજી પધાર્યા. પ્રભુએ કહ્યું પધારો પંક્તિમાં જમવા બેસી જાઓ. વૈરાગીની નજર થાળીમાં પડેલા લાડુ ઉપર પડી એટલે તેણે વિચાર કર્યો કે આ પંક્તિમાં રોટલા જમે છે તે બધા ચેલા છે અને પીરસનાર મહંત લાગેછે. થાળીમાં પડેલા લાડુ મહંત માટેજ હશે.

મહારાજે બેસી જવાનું કહ્યું. તો મહાત્માજી કહે નહિ હું કાંઈ જેવો તેવો સાધુ નથી. હમ તો મહંત કે સાથ બેઠેંગે. કેમકે મહંત (શ્રીહરિ)ની સાથે જમવા બેસીએ તો લાડવાનો મેળ પડી જાય. તો મહારાજ કહે સારૂં ત્યારે મહંતની સાથે જમવા બેસજો. જો, જો મહંતના લાડુનો સ્વાદ ! સંતો જમીને ઉભા બેઠા. મરચા અને મીંઢીયાવળના બે ગોળા પડેલા. તેમાંથી ભાંગીને અડધો બાવાજીને આપવા માંડ્યા. બાવાજી વિચારે છે કે મહંત લોભી લાગેછે. આ પહેલવહેલા પીરસેછે. એમાં કાંઈ અડધો ભાંગીને અપાય ! એટલે બાવાજી બોલ્યા, છોડ દો, સારા છોડ દો. આખો લાડુ મૂકી દો. મહારાજ કહે આખો લાડુ મુકવામાં અમને વાંધો નથી. પણ તમને તકલીફ પડશે. પણ બાવાજીએ આખો લાડુ પોતાના પતરાવળમાં મૂકાવ્યો. જલ્દી જલ્દી લાડુ અંદર ઉતારી દઉં અને બીજો લાડુ પણ માંગી લઉં. એવા વિચારથી આખો ગોળો મોંઢામાં મૂકીને ઝડપથી ચાવીને અંદર ઉતારી દીધો.

પછી કહેવાનું શું ! મોંઢાથી લઈને હોજરી સુધી જબરી બળતરા થવા માંડી. આતો લાલ મરચું અને મીંઢીયાવળ ! ભગવાન સિવાય કોણ એને પચાવી શકે ! એની બળતરા ઉપડી. અરે ! રામ, યે ક્યા હુઆ ! બહોત જલન હોતી હૈ. મૈં મર ગયા. હે રામ! દયા કરો. બાવાજી આકુળ વ્યાકુળ થઈ ગયા. મહારાજને દયા આવી જેથી સુંદરજી ભાઈ પાસે ઘી મંગાવ્યું. પાશેર જેટલું ઘી બાવાજીને પાઈ દીધું. એટલે અંદર શાંતિ વળી ગઈ. હાશ ! અબ અચ્છા હો ગયા. મહારાજ કહે, "અબ દુસરા લડુ ચાહીયે ?" અરે પ્રભુ લડુકી બાત છોડો. અબ રોટી ખીલાઓ. પછી મહારાજે બાવાજીને રોટલોને છાશ જમાડીને તૃપ્ત કર્યા. બાવાજીના પ્રસંગ નિમિત્તે ભુજમાં ઠીક ઠીક આનંદ થયો. સાથે સાથે, મહારાજના તપસ્વી જીવનની પણ એક ઝલક મળી.

વિદેશના આપણા મંદિરોના Fax નંબર અને ઈ-મેઈલ એડ્રેશ (નિર્ણય માટે) મોકલવા અંગે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા વિદેશના અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, આફ્રિકા, કેનિયા, યુગાન્ડા, સ્વીડન, ન્યુઝીલેન્ડ, કેનેડા અને ગલ્ફના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરોના **Fax** નંબર અને **E-mail** એડ્રેશ આપણા વ્રત-ઉત્સવના નિર્ણયમાં પ્રકાશિત કરવાના હોવાથી નીચેના એડ્રેશ પર વહેલાસર મેઈલ કરવા વિનંતી છે. **E-mail : manishnvora@yahoo.co.in**

હું કોણ .....?

- કોઠારી સ્વામી રામાનુજદાસજી



શ્રી સ્વામિનારાયણ ભગવાને ગ.પ્ર.પ્ર.ના ૨૦ માં વચનામૃતમાં કહ્યું છે કે દેહમાં રહેનારો જીવ રૂપને જુએ છે કુરૂપને જુએ છે તથા બાળ યૌવન અને વૃદ્ધપણાને જુએ છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્ય દ્રષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે અને ક્ષોત્ર, ત્વક, ચક્ષુ રસના, ધ્રાણ ઈત્યાદિક ઈન્દ્રિયોને કરીને વિષય સુખને ભોગવે છે અને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી અને જાણતો નથી તે સર્વ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે અને ઘેલાં માં અતિશે ઘેલો છે.

પછી શુકમુનિએ આશંકા કરી કે પોતાના સ્વરૂપને જોવું તે શું પોતાના હાથમાં છે ? અને જો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અજ્ઞાની રહે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે જેને સત્સંગ થયો છે તેને પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. ક્યા દહાડે એણે પોતાના સ્વરૂપને જોવાનો આગ્રહ કર્યો અને ન દીઠું.

આપણને વિચારો આવે પ્રશ્ન થાય કે શું હું મને પોતાને ઓળખતો નથી ? એતે કેવું કહેવાય ? વળી થાય કે હું મને પોતાને તો સ્વપ્નમાં પણ ભૂલી જાઉ એવું કેમ બને આ વાત માનવા જેવી નથી - શું હું મને પોતાને જ ન ઓળખું એમ તે કંઈ હોય ?

આપણને થાય કે પોતે પોતાને તો સૌ કોઈ ઓળખે છે વળી આશ્ચર્ય થાય કે શું વળી એવું પણ બને ? કે એવું કોઈ હશે કે જે પોતાને પણ નહિ ઓળખતું હોય !

જગતમાં આપણા જેવા અસંખ્ય જીવો છે કે જે પોતે પોતાને જ ઓળખતા નથી. સત્ય જ છે કે આપણે પણ પોતાને ઓળખતા નથી. પોતે પોતાને ઓળખવા એજ પરમાત્માને ઓળખવાની ચાવી છે. પોતે પોતાને સારી પેઠે ઓળખનારા તો આ જગતમાં કોઈ જ વિરલા હોય અને તે મહાત્મા છે. સહુને વંદન કરવા યોગ્ય છે. મહાત્મા સુદુર્લભઃ - **To know they self is to know God** એવા મહાત્માના દર્શન પણ મોટા ભાગ્ય હોય તેને જ થાય છે.

આપણને થાય કે આપણે પોતાને સારી પેઠે ઓળખીયે છે છતાં પણ પરમાત્માને પણ હજુ કેમ ઓળખતા નથી ? પરંતુ આ જીવ અજ્ઞાનને વશ થઈ પોતાને જ નથી ઓળખતો અને જો ઓળખતા હોય તો આપણે બતાવવું પડે કે "હું કોણ" ? આપણે તો આપણા આ સ્થુળ દેહને જગતનાં લોકોએ આપેલી ઓળખાણ તેને જ હું માનીએ છીયે પણ તેમાં કોઈ આપણને દેહના જુદાં જુદાં અવયવો દેખાડીને પૂછે કે આ શું ? તો આપણે કહીશું કે આ મારો હાથ છે, આ મારૂં નાક, આ મારા કાન, આ મારું મુખ, આ મારો કંઠ, આ બાહુ, ઉદર, દરેક અવયવો દેખાડી તે દેહના મુખથી જ તે તે સઘળા નામો સ્પષ્ટ કરી દેખાડશું પણ આ મારું કહેનારું ક્યાંય દેખાયો નહિ તો તે કોણ ?

શાસ્ત્રો અને સંતો કહે છે કે હે મનુષ્ય તારું હૃદય, તારા બન્ને હાથો, તારું મોઢું, મસ્તક, કર્ણો, પેટ, વાંસો, ઘુંટણો, પગો તેમ-તેમ એક-એક અંગમાં બીજા અનેક પ્રત્યાંગોની તને પ્રતીતિ થશે પણ એમાં મારૂં કહેનારો પોતે કોણ તે સ્પષ્ટ થતું નથી આ બધું મળીને શરીર થયું એ ખરુ પણ એ બધું તારૂં તો એ બધું મળીને તું કેવી રીતે બની શકે ? તારી તે વસ્તુ તારાથી જુદી જ છે અને તું તે તારી વસ્તુઓથી જુદો જ છે. કારણ કે આ જગતમાં જીવાત્મા ને મળેલા બધા પદાર્થો જાણે પોતાના જ છે પણ એ બધા પદાર્થો એકઠા મલે તો પણ તે પોતે પોતાનું કહીયે છીયે તે પોતે નથી માટે વિચાર કરો કે પોતે કોણ છે અને ક્યાં છે ?

આ વિચારતા નક્કી થશે કે પોતે પોતાને ઓળખતો નથી. પોતે પોતાને ઓળખવું ઘણું કઠીન છે. સમગ્ર વિશ્વનું જીવન ભગવાન પરમાત્મા તેને ઓળખવાની કુંચી તે પોતે પોતાને

ઓળખવો એજ છે પરંતુ એના જેવું દુષ્કર કાર્ય બીજું એકેય નથી. જીવાત્માને પોતાના લાબાં કાળના કઠીન તપને અંતે જ્યારે પોતાના અનેક જન્માર્જીત પાપો બળી જાય ત્યારે પોતાના નિર્મળ થએલા નિર્મળ અંતઃકરણમાં સ્વભાવિક રીતે ચાર પ્રશ્નો ઉપજે છે (૧) હું કોણ ? (૨) ક્યાંથી આવ્યો છું ? (૩) ક્યાં જવાનો છું? (૪) અહિ આવવાનું કારણ શું ?

પોતે પોતાને ઓળખવું જાણવું એનું જ નામ આત્મજ્ઞાન કહેવાય છે અને તે આત્મજ્ઞાન પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. પરમાત્માની કૃપા તે - ભગવાનની અનન્ય ભક્તિ, સદ્‌ગુરુના સમાગમથી તથા સેવન થકી પ્રાપ્ત થાય છે માટે આવું મોંઘામા મોંઘું આત્મજ્ઞાન પોતાની ખરી ઓળખાણ તે એકાએક - ક્યાંથી પ્રાપ્ત થાય ?

આત્મજ્ઞાન-પરમત્ત્વજ્ઞાન - પરમાત્માની ઓળખાણ માટે જીજ્ઞાસા - ઈચ્છા થવી એજ આપણા પૂર્વના અસંખ્ય જન્મોના સુકૃત ફળનો ઉદય છે. દેહધારીઓને સેંકડો જન્મોનું કરેલું પુણ્ય ઉદય પામે ત્યારે જ આત્મજ્ઞાન અન પરમાત્મા સુધી પહોંચવાની શુભ જીજ્ઞાસા ઉત્પન્ન થાય અને જીજ્ઞાસુને તે વસ્તુ મળતા વિલંબ થતો નથી. જીજ્ઞાસાને કારણે શાસ્ત્ર નિયમ પ્રમાણે રહેતા અંતઃકરણ શુદ્ધ થતાજ અંધારા ઘરમાં જેમદીપકનો પ્રકાશ કરવામાં આવે અને ઝગમગાટ થાય છે તેમ હૃદયાકાશમાં પણ પવિત્ર જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાયછે.

જ્ઞાન દ્રષ્ટિ મેળવવા માટે શાસ્ત્રો અને સંતપુરુષોની સેવા અને સમાગમ કરવો જોઈએ. જ્ઞાનનું અંતિમ લક્ષ્ય ભગવાનની પ્રાપ્તિ છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એજ સાચી વિદ્યા છે અને ભગવાનના સાકાર સ્વરૂપની દ્રઢ નિષ્ઠા એજ મોક્ષમાર્ગની ચાવી છે. આત્મા-પરમાત્માના સ્વરૂપને ઓળખ્યા વિના પરમાનંદની પ્રાપ્તિ થતી નથી.

તો આત્મજ્ઞાન મેળવી સંતો અને શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ રાખી-લક્ષ ચોરાશીમાં ભટકતા ભટકતા ઘણા સમયે મોંઘો મનુષ્યનો જન્મ મળ્યો છે. આ દેહ વડે ભજન-ભક્તિ કરી જન્મછે તેની સાર્થકતા કરી લેવી એજ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે. ધન-ધામ કુટુંબ પરિવાર જ્યાં જ્યાં જન્મ થશે ત્યાં પાછા પ્રાપ્ત થશે. આ વાત આજ સમજીએ કે ઘણા જન્મને અંતે સમજીએ પણ સમજ્યા વિના છુટકો નથી. માટે આ ફેરો જ સફળ કરી લેવો. માનવપીંડની સાર્થકતા પરમાત્મા મેળવવામાં જ છે. પંચ તત્વનું માનવ શરીર એ દેવમંદિર છે. ભગવાનને રહેવાનું સ્થાન છે. આ માનવ દેહ જ મોક્ષનું સાધન છે. આપણને શ્રીજી મહારાજે સાનુકુળ સમય આપ્યો છે પણ અજ્ઞાનને કારણે મનુષ્ય પોતાના જીવનપથનું નિર્માણ કરી શકતો નથી.

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં ઘણી વખત જીવે પોતાના સ્વરૂપને ઓળખવાની વાત કરીછે.

વચ. ગ.મ.પ્ર.વ. ૨ :- અજ્ઞાને કરીને જીવ ઈન્દ્રિઓ અંતઃકરણને પોતાના રૂપ માનેછે. વસ્તુ ગમે તો જીવ ઈન્દ્રિઓ અને અંતઃકરણથી નોખો છે. આત્મ વિચાર એક કરવો જે હું આત્માછું ને મારા વિષે ઈન્દ્રિઓ અંતઃકરણનો સંબંધ નથી.

વચ. ગ.મ.પ્ર. ૩૦ :- જ્યારે પ્રકૃતિ પુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જે એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.

વચ. ગ.મ.પ્ર. ૩૨ :- કુટુંબીનો સંબંધ તો ટળે જો સ્થુળ સૂક્ષ્મઅને કારણ એ ત્રણ દેહ થકી નોખો એવો જો આ દેહને વિષે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને તેને વિષે ભગવાનની મૂર્તિ ધારીને જાતિ-વર્ણ, આશ્રમતેના માનને મૂકીને ભગવાનના સ્મરણ વિષે તત્પર થાય.

વચ. ગ.મ.પ્ર. ૪૫ :- માયાના ત્રણ ગુણ-દશ ઈન્દ્રિઓ-દશ પ્રાણ-ચાર અંતઃકરણ પંચભૂત પંચવિષય અને ચૌદ ઈન્દ્રિઓના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી તો એ સર્વ માયિક ઉપાધિ થકી રહિત સતામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વને કરવાછે.

વચ. સાળં. ૪ :- માટે ચોખ્ખું સમજે જે હું આત્મા તે મારા જેવા ગુણ દેહને વિષે એકેય આવતો નથી અને જડ-દુઃખ અને મિથ્યારૂપ જે દેહ તેના જે ગુણ તે હું ચૈતન્ય તે મારે વિષે એકેય આવતા નથી. એવી વિકતિ સમજીને અત્યંત નિર્વાસનિક થઈને ચૈતન્ય રૂપ થકો પુરુષોત્તમભગવાનનું ચિંતવન એવો જે જડ ચૈતન્યનો વિવેક તેને દ્રઢ વિવેક જાણવો. તો શ્રીજી મહારાજ તથા સંતોના વચનમાં વિશ્વાસ દ્રઢ કરી આપણે જો ચિંધેલા માર્ગે ચાલી પ્રયત્ન કરીશુ તો પોતે પોતાને ઓળખવું સહેલું થઈ પડશે. તોજ પરમાત્માનો રાજીપો મેળવી આ નાશવંત-મિથ્યા દેહની આશક્તિ છોડી જ્ઞાન મેળવી જીવનનું અંતિમધ્યેય અક્ષરધામની પ્રાપ્તિ મેળવી શકીશું.

આપણો સત્સંગ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીમીયતપુરા (મહંત સ્વામી, માણસા)



આપણો સત્સંગ એ કોઈ ધર્મનો વાડો કે સાંપ્રદાયિક ખાબોચિયાના તળાવ કાંઠાનો વીરડો નથી. ગલીકૂંચીની કેડીઓ આગળ જતા કોઈ સડકને મળે છે. એવી સઘળી સડકો ધોરી રાજમાર્ગને ભેટે છે. તે બધાં રાજમાર્ગો અંતે નેશનલ હાઈવેને મળે છે અને છેવટે આંતરરાષ્ટ્રીય પરિવહન માર્ગરૂપે પરિણમે છે. છતાં તે સમંદરની વિશાળતા આગળ ઘણા વામણા રહી જાય છે. અને સાતેય સમંદરની સંયુક્ત વિશાળતા પણ મુક્ત ગગનમાં મહાલતા પક્ષીઓ, હેલીકોપ્ટરો, જેટ વિમાનો કે અવકાશયાનો કે જેની ગતિને કોઈ ક્ષિતિજોનું અવલંબન અવરોધતું નથી એમ સઘળા સીમાડાઓને ઓળંગતા આ સત્સંગની વિશાળતા અનવધિકાતિશય છે. વેદોની ઉત્પત્તિથી પણ આદિ કાળથી આરંભી પાંચ ભેદોનું ભિન્ન અસ્તિત્વ અનાદિકાળથી સ્વીકારી અરજપણે રહ્યાં થકા અમરત્વને પામી આંત રહિત અસ્તિત્વના મંથનને સત્સંગના નામથી નવાજવામાં આવ્યું છે. તેની અપિરિમિત વિશાળતામાં ભરતી-ઓટ પૂર્ણિમાના પ્રકાશ કે અમાવાસ્યાના અંધકાર, રાહુ-કેતુના સૂર્યગ્રહણ કે ચંદ્ર ગ્રહણ, પ્રણવ કે નાદના કડાકાને ભડાકા કે સ્તુતિ-નિંદાના ભણકારા, અહંમ મમત્વની ડમરીઓ સોતા કોણ જાણે કેટકેટલાય વાવાઝોડાઓ તેના પેટાળમાં ધરબાઈ ગયા છે. છતાં સત્સંગના પેટાળમાં સ્પંદનના કોઈ તરંગો પણ ફરકવા પામ્યા નથી. સત્સંગ બસ એની દિવ્યતમ ક્ષિતિજો પ્રસરાવે જ જાય છે.

આવા સત્-ચિદ અને આનંદરૂપ અવધિ રહિતના વિશાળ સત્સંગમાં આપણું શું ? અને આપણે એના કેટલા ? આવો થોડું તેનું વિહંગાવલોકન કરી લઈએ.

ચાર આની સત્સંગ :

કાકા, મામા કે માસીનો સત્સંગ, તેને જોવાનો કે માણવાનો થોડો અવસર મળ્યો તેથી તેના પ્રભાવમાં આવતા ગુણબુદ્ધિ થવાથી પોતે સત્સંગ અપનાવ્યો હોય, કંઠી ધારણ કરી હોય, વર્તમાન ધરાવ્યા હોય, સેવા-પૂજા તિલક ચાંદલો અપનાવ્યા હોય, મંદિર, દેવદર્શન જતાં આવતા હોઈએ. દાન-ધર્માદાઓ વડે સત્સંગ પ્રવૃત્તિના વિકાસમાં સહાયરૂપ પણ થવા લાગીએ. ત્યાં સુધી માત્ર ચાર આની સત્સંગ આપણો થયો ગણાય. અર્થાત્ હજુ આપણે માત્ર ઈન્દ્રિયજન્ય ગુણ બુદ્ધિવાળા સત્સંગી કહેવાઈએ. આટલેથી તૃપ્તિ માની બેસી જવાને બદલે સત્સંગમાં આગળ વધવાનું મુમુક્ષુભાવે તત્પરતા રાખવી તો પ્રગતિ થતા સત્સંગનું આગલું સોપાન અવશ્ય સિધ્ધ થાય.

આઠ આની સત્સંગ :

ઉપરોક્ત સ્તરના સત્સંગમાં જરા ઊંડાણ પૂર્વકની ડૂબકી મારીએ. સત્સંગના ઈતિહાસને બુધ્ધિપૂર્વક સમજવા તૈયાર થઈએ. પ્રસાદીના યાત્રાધામોનાં દર્શને અવારનવાર આવતા જતાં થઈએ. ત્યાં બનેલા વિશિષ્ટ પ્રસંગોની પૂરેપુરી જાણકારી મેળવીએ. વળી સાંપ્રદાયિક શાસ્ત્રોથી પરિચિત થઈએ. પૂર્ણ શ્રદ્ધાપૂર્વક તેનું અધ્યયન કરીએ. શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્ત ચિંતામણી આદિ મુખ્ય શાસ્ત્રો સમજવા ઉપર મન-બુદ્ધિ

કેન્દ્રીત કરીએ. વળી સત્સંગની પરંપરાગત રીતિ-નીતિ અનુસાર વાણી, વિચાર અને વર્તનને ઢાકવા પ્રયત્નશીલ થઈએ. માનસીપૂજા, પ્રાતઃપૂજા, સંધ્યા આરતી અને રાત્રે નિયમ ચેષ્ટામાં એકાગ્રતાપૂર્વક ધ્યાનસ્થ બનીએ ત્યારે અંતઃકરણ પ્રધાન મધ્ય સ્થિતિના સત્સંગી કહેવાઈએ.

બાર આની સત્સંગ :

સત્શાસ્ત્રોનો અભ્યાસ સાચા સંતનો સમાગમ અને એ બન્નેના દોહન રૂપ પોતાના ત્યાગ અને વિચારમાંથી પ્રગટેલા વૈરાગ્યને સાંખ્યભાવને પ્રભુ સ્વરૂપમાં અનન્ય ભક્તિરૂપે જોડી દઈ દૃઢ યોગસાધના સહજભાગે સિધ્ધ થાય છે. પંચ વિષય તેના ભોગ અને તેના ફળસંબધી સમજણ સ્પષ્ટ થતા તેનાથી વૃત્તિ પાછી વાળી ભગવત સ્વરૂપને ઉપાસનામાં તલ્લીન થવાય છે. સદા સાકાર, સર્વોપરિ, સર્વકર્તા અને સદા પ્રગટ શ્રીહરિના સ્વરૂપનું સગુણ-નિર્ગુણપણું કે અન્વય વ્યક્તિરેકપણું સમજવા રૂપ બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે. ઈન્દ્રિયો અંતઃકરણ અને જીવનદીક્ષીત અનુભવ જ્ઞાન સહજ થતા આત્મસ્વરૂપે પરમાત્માનું સાનિધ્ય પામવાનું સામર્થ્ય મળે છે. શુભ-અશુભ તમામ વાસનાઓથી મુક્ત થતા શ્રીહરિના અપરોક્ષ અનુભવે સ્વસ્વરૂપના ચિંતવનમાં અહોરાત્રિ સ્વાભાવિક વિત્યા કરે તે તુર્યા અવસ્થા રૂપ જીવ તદાશ્રિત બાર આની સત્સંગ કહેવાય. હજુ તેને માયાનાં સંબંધ રહે છે. અવસ્થાઓ અને ગુણોના ભાવ સુષુપ્ત રહ્યાં થકા પણ સંબંધ ધરાવે છે. માટે અહીં સુધી પહોંચેલા વિદ્વાન અને ગુણીયલ સંત સત્સંગી મહાપુરુષો ઉપર પણ માયાનું વિધ્ન તો રહે જ છે. તેથી અતિ સૂક્ષ્મ સાવધાનીઓ ઉપર એકાગ્ર કરી આત્મ શુદ્ધિકરણ અને પરમાત્મા સ્વરૂપની અખંડ સ્મૃતિ વડે રહી સહી કસર ટાળવા સાવધાન રહેવું અતિ આવશ્યક છે.

સોળ આની સત્સંગ :

દશ ઈન્દ્રિય અને અગિયારમું મન તે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મ અગ્નિને વિષે હોમવા તેને યોગયજ્ઞ કહે છે. એમને એમ કરનારાના અંતરને વિષે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ સાક્ષાત્કાર પ્રગટ થઈ આવે તેને યોગ યજ્ઞનું ફળ જાણવું (વચ. ગ.મ. ૮) દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા આદિ સર્વભૂતોની સારી પેઠે નિવૃત્તિ પરાયણ થઈ પોતાના આત્મામાં ભગવાનની મૂર્તિને ધારીને કેળળ તેને વિષે નિમગ્ન રહ્યાં થકા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થયે ગયા થકી મુક્ત અને પર એવું જે બ્રહ્મ તે રૂપે પોતાના આત્માનું દર્શન સુલભ થાય છે. તો પણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ઉપાસના સુધી વધુને વધુ દાસત્વભાવ દૃઢ થતા નાનામાં નાના સંત હરિભક્તોના ગુલામ ભાવે વર્તાતુ રહે છે. અક્ષરધામમાં અનંત કોટી મુક્તો શ્રીહરિ પાસે સામર્થીએ યુક્ત રહ્યાં હોવા છતાં તે દરેકને મહારાજ પોતાથી પરના પર ભાસે છે. (વચ.ગ.મ. ૬૭) આમ પૂર્ણકામઅને કૃતાર્થતા અનુભવાતા છતાં અલ્પ જીવના માન-અપમાનનું સહન કરી સમભાવે સત્સંગમાં સહજભાવે સેવામાં ઓતપ્રોત રહે એવા મહામુક્તો સોળે સોળ ટચના સોના જેવા આજે પણ આપણા સત્સંગમાં કેટલાક વિચરી રહ્યાં છે. (વચ.ગ.પ્ર. ૨૧) આવી સ્થિતિ પ્રાપ્ત થતા આપણે સત્સંગના અને સત્સંગ આપણો બને.

આમતો આ સત્સંગ હીરા-માણેક અને રત્નોની ખાણ સમાન મુક્તોથી સદૈવ ઉભરાતો રહ્યો છે. સર્વે અવતારોને પોતામાંથી પ્રગટ કરી પાછા પોતાને વિષે લીન કરી બતાવતા. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સ્વયં આ સત્સંગના શિરતાજ અને શ્રીહરિ એ જેઓનો હાથ પકડીને પોતાની ગાદીએ બેસાડ્યા તેવા મહાપ્રતાપી આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તથા બ્રહ્માંડોની ક્રિયાઓને સંકલ્પે થંભાવી દે તેવા પ્રખર ઐશ્વર્ય મૂર્તિ ગોપાળાનંદ સ્વામી અને દાવાનળની બળબળતી આગને પોતાના બે મીઠા બોલથી ઠંડીગાર કરી દે તેવી ગરીબ પ્રકૃતિના મુક્તાનંદ સ્વામી અને બૃહદ વૈરાગ્યને પણ શરમાવી દે તેવા નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમભક્તિથી ઢોલિયા સોતા ભગવાન સહજાનંદ સ્વામીને પોતાના ભણી તાણી લાવે તેવા પ્રેમસખી પ્રેમાનંદ, પાતાળના પેટાળમાંથી ભવ્ય ગગનચુંબી મંદિરોના સર્જનહાર અદ્વિતિય અને શ્રીહરિના સખા બ્રહ્માનંદ સ્વામી જેવા શીઘ્ર કવિરત્નોએ આ સત્સંગને દેદિપ્યમાન દિવ્યતાથી જાકમઝોળ રાખ્યો છે. બસ આપણે તેની ગરિમાને છાજે તેવા ગૌરવપૂર્ણ પ્રદાનોથી સત્સંગને આપણો પોતીકો બનાવવાનો છે અને આપણે શાશ્વત રીતે તેના બની તેમાં જ સમાઈ જવાનું છે.

ત્યાગ હી સર્વસ્વ

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી



આપણી ભારતીય સંસ્કૃતિમાં કેટલીય વાર સાંભળવા અને જાણવા મળે છે કે ત્યાગ કરવાથી માણસ સુખી થાય છે. કેમ કે ત્યાગ કરવાથી એની સામે કેટલીક વસ્તુ મળતી હોય છે. એટલા માટેજ તો લોકોક્તિ કહેવાણી છે.

"જેટલુ છોડશો એટલું પામશો"

કેમ કે ત્યાગમાં જ સર્વસ્વ છુપાયેલું છે અને એ મોટા-મોટા કહેવાતા રાજવીરો કોઈ ગાંડા નહોતા કે બધુંય એક સાથે છોડી જંગલમાં નીકળી પડ્યા. એમને ત્યાગ કરવામાં કંઈ અનેરૂ સુખ પ્રાપ્ત થયું હશે તોજ એમણે ત્યાગ કર્યો હશે. અને ત્યાગમાં માણસને પ્રભુના વચનો છે કે બધુંય ત્યાગ કરી એક પરમાત્મામાં જોડાઈ જાવો પછી જુઓ કેવો અલૌકિક અને અનેરો આનંદ આવશે.

આમ જે ત્યાગે તે તરે. કોઈ મોટર લઈને સીધો સ્વામિંગપુલમાં ભૂસકો ન મરાય. તરવું હોય તો મોટર, કોટ, ખમીસ, ટાઈ, ઘડીયાળ વગેરે કાઢવું પડે, નહિ તો ડુબીએ. અને આપણે મોટા ભાગના ડુબીએ છીએ. કેમ કે આપણે બધુંય સાથે લઈને ફરીએ છીએ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરતા જ નથી. માટે ત્યાગ કરશો તો જ તરાશે. એ સિવાય આ ભવસાગર પાર કરવો મહા મુશ્કેલ છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં મહાન મહાપુરુષોનું જીવન જોઈએ તો ખ્યાલ આવે કે ત્યાગ કોને કહેવાય. રાજા ભારત બધુંય છોડી જંગલમાં નીકળી ગયા. કેમકે એમને સમજાયું હતું કે ત્યાગમાં જ ખરી મજા છે એટલે બધું ત્યાગી દીધું. આપણે અહિયાં તો પ્રભુની રચેલી સૃષ્ટિ-વિકૃતિનો ત્યાગ પણ ત્યાગ કરી સમજાવે છે, ઝાડ, ગાય, નદી, દરિયો, ઝાડવા કોઈ'દિ પોતાના ફળો નથી ખાતા. તેમજ ગાય પણ દૂધ આપણને આપે છે. નદીઓ અને દરિયો એ પણ આપણને પોતાની જીવનની દાસ્તાન બતાવે છે. પોતે સંકલીત કરી બધુંય માનવજાતિને સમર્પિત કરી દે છે. કેમ કે એ જાણએ છે કે ત્યાગ સર્વસ્વ છે.

એક દૃષ્ટાંત જોઈએ તો ખ્યાલ આવશે કે ત્યાગવામાં અને ભેળું કરવામાં બેમાંથી શેમાં માલ છે.

એક ગુરુના બે શિષ્યો હતા. એક ત્યાગમાં માને, બીજો સંગ્રહમાં માને, એક કહે ત્યાગ મોટો, બીજો કહે સંગ્રહ મોટો, એક કહે તરવું હોય તો ત્યાગ કરવો પડે. બીજો કહે, દુનિયામાં સંગ્રહ વગર ચાલતું નથી. ચાલતા ચાલતા બન્ને નદી કિનારે આવ્યા. સામે પાર જવું હતું. એક હોડીવાળો કિનારે ઉભો હતો. હોડીવાળો કહે સામે પાર પહોચાડીશ, પણ એક જણના આઠ આના થશે. જે સંગ્રહમાં માનતો હતો એણે ખિસ્સામાંથી તરતજ આઠ આના કાઢીને આપ્યા. ત્યાગમાં માનતો હતો એની પાસે પૈસા ન હતા. બીજાએ કહ્યું બોલ તારા આઠ આના આપી દઉ ! આપી દે. બીજા શિષ્યે આઠ આના પણ આપ્યા. આખા રસ્તે સંગ્રહમાં માનનારો નાચવા કૂદવા માંડ્યો. "જો આ પૈસા તેં ન આપ્યા હોત તો હોડી વાળો સામે પાર લઈ જાત ? ક્યારનો ત્યાગ ત્યાગ કરે છે તે રહી જાત ! પેલાએ ચૂપચાપ સાંભળી લીધું. હોડી સામે પાર પહોંચી, હવે તો માનીશને આ સંગ્રહ સાચો! ના ત્યાગ સાચો. તારા આઠ આના આપ્યા તોય ? તેં મારા આઠ આના આપ્યા તેથી શું ? હજી પણ ત્યાગ જ સાચો. મેં એક રૂપિયાનો સંગ્રહ કર્યો તો આપણે સામે પાર આવી શક્યા. ના તેં એક રૂપિયાનો સંગ્રહ નહિ, પણ ત્યાગ કર્યો એટલે સામે પાર આવી શક્યા. સંગ્રહથી નહિ આપણે ત્યાગથી તર્યા છીએ. જો તેં એક રૂપિયાનો સંગ્રહ કર્યો હોત તો હોડીવાળો આપણને સામે પાર ન ઉતારત.

તો જોયું ભક્તો ત્યાગમાં જ સર્વસ્વ છે. ત્યાગનો જેટલો મહિમા ગાઈએ એટલું ઓછું છે. આથી સમજવાનું કે જીવનમાં ત્યાગનો મહિમા અપાર છે. "ત્યાગીને ભોગવી જાણો." એ આપણી સંસ્કૃતિ છે.

સુખી થાય સર્વજન એવી સમદૃષ્ટિ ઈશ્વરની

- શાસ્ત્રી અભયપ્રકાશદાસ ગુરુ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)



આપણા શાસ્ત્રો અને સંતોએ ઈશ્વરને જીવ પ્રાણી માત્રના પિતા કહ્યા છે. અને કહ્યું છે કે ઈશ્વર જીવપ્રાણી માત્રના પિતા હોવાના કારણે જેમ પિતા ક્યારેય પોતાના પુત્રનું બુરુ ઈચ્છતા નથી તેમ ભગવાન પણ ક્યારેય કોઈનું બુરુ ઈચ્છતા નથી. સર્વ જીવ પ્રાણી માત્ર સુખી થાય એવી જ પ્રભુની ભાવના હોય છે. ભગવાન ક્યારેય એવું નથી ઈચ્છતા કે આ સુખી થાય ને આ દુઃખી થાય. તો હવે પ્રશ્ન અહીં એ થાય કે જો ભગવાન સર્વ પર સમદૃષ્ટિ રાખતા હોય તો જગતમાં કોઈ સુખી છે ને કોઈ દુઃખી છે એવું આપણી નજરમાં આવે છે તો એવું શા માટે ? શ્રીમદ્ ભાગવતમાં પણ આવોજ કંઈક પ્રશ્ન મહારાજ પરિક્ષિતને પણ થયો હતો. આ વાતને સમજાવતા સંતો એમ કહે છે. ભગવાન તો સર્વને સુખી કરવા જ ઈચ્છતા હોય છે. પણ રહેલું દુઃખ એ કદાચ આવનાર મહાદુઃખને રોકવા માટે પણ પ્રભુએ એ દુઃખ આપ્યું હોય. એ કદાચ મારી અને તમારી દૃષ્ટિ એ ન પણ સમજાય. કારણ કે આવનાર મોટા દુઃખને આપણે જાણતા નથી. જેમ કોઈ બાળક બિમાર થયું હોય. તેની માતા તેને દવાખાને લઈ જાય. ડોકટર દવા આપે. બાળક નાનું છે. આખી ગોળી ખાઈ શકે તેમ નથી તેને પીસીને પાવાનું ડોકટર સૂચન આપે. માતા બાળકને ઘરે લઈ જઈ ડોકટરના કહ્યાં પ્રમાણે દવા આપે. દવા ખૂબજ કડવી છે. બાળકને દવા પીવી ગમતી નથી. છતાં પણ માતા તેને પરાણે રોતો હોય તો રોવા દઈને પણ તેને તે દવા પાય છે. બીજું બાળકને ગુમડું થયું હોય માતા તેને ડોકટર પાસે લઈ જાય, ડોકટર તે બાળકના ગુમડા ઉપર કાપ મુકી દબાવે, બાળક ચીસો પાડે. આમથી તેમ હાથ પછાડે છતાં પણ માતા એને ચીસો પાડવા દે છે. અને જો બાળક બહુ આમથી તેમ થતું હોય તો માતા પોતે તેને પકડી રાખે છે. કારણ માતા જાણે છે કે જો આ દુઃખ અત્યારે નહિ ભોગવે તો આગળ જતા મહા મોટી મુશ્કેલી પણ થઈ શકે છે. તેવી જ રીતે ઈશ્વર પણ નાનું એવું દુઃખ આપીને સર્વને સુખી કરવા જ ઈચ્છતા હોય છે. અને આપણું દુઃખ તો કરુણા કરીને ભગવાન સ્વામિનારાયણે પોતાના ગુરુ પાસે માંગી લીધું છે. અને આપણને સુખીયા કર્યા છે. પણ જો મનુષ્ય પોતે જ દુઃખને ઉભું કરે તો પછી એનું શું કરવું ? મનુષ્ય જાણે છે. આ અગ્નિ છે. એને અડીએ તો બળી જવાય છતાં જાણી જોઈને જો એ અગ્નિમાં હાથ નાખે અને પછી દુઃખી થાય એમાં કોઈ શું કરી શકે. જગતમાં જે પણ કાંઈ સુખ, દુઃખ દેખાય છે. એ સર્વ તો ઈશ્વરની ક્રિયાનો ભેદ છે. પણ ભાવના તો સમાન જ છે. ભગવાન જેને જેટલું જે આપવું જોઈએ અને જેની જેવી પાત્રતા એ પ્રમાણે આપીને સુખી કરતા હોય છે. જીવ વધુ પામવા ઈચ્છે છે. પણ જો પાત્રતા ન હોય તો વધુ પામીને પણ તે દુઃખી થાય છે. જેમ સાકર સર્વ માટે સારી કહેવાય પરંતુ એજ સાકર ગધેડાને આપો તો તે ન ખાય અને જો ખાય તો પચાવી ન શકે. એમ ઈશ્વર જેની જેવી યોગ્યતા એમતેને સુખી રાખતા હોયછે.

એક દૃષ્ટાંત છે. એક માતાને ત્રણ પુત્ર હતા. એક મોટો, વચેટ અને નાનો, માતાને ત્રણયે પુત્રો પર એક સમાન હેત છે. પણ જ્યારે બપોરનો સમય થાય અને ભોજન માટે પોતાના ત્રણેય પુત્રો જ્યારે આવે ત્યારે માતા ત્રણેય પુત્રોને બેસાડી થાળીમાં આખો રોટલો પોતાના સૌથી મોટા દીકરાને આપે. બીજો પુત્ર જે વચેટ તેને અડધો રોટલો આપે અને ત્રીજો પુત્ર જે સાવ નાનો છે તેને અડધાનોય અડધો રોટલો આપો. તો આ જોઈને કોઈ એમ કહી શકે કે માતાને સૌથી મોટો પુત્ર વધારે વ્હાલો છે. માટે તેને આખો રોટલો આપ્યો. મોટા કરતા વચેટમાં થોડું ઓછું હેત છે માટે અડધો રોટલો આપ્યો. અને નાના ઉપર તો બહું હેત જ નથી માટે તેને અડધાનો અડધો રોટલો આપ્યો. કદાચ એવું બની શકે કે નાના ઉપર વધુ હેત હોય. અહિં માતાની ક્રિયાનો ભેદ જણાય છે. પણ ભાવનાનો ભેદ નથી. માતા જાણે છે. આ મોટો છે તે આખો રોટલો પચાવી શકશે. આ વચેટ આખો રોટલો નહિ ખાઈ શકે. અને આ નાનો છે. એની પાચન શક્તિ હજુ તીવ્ર નથી. માટે તેને થોડો રોટલો આપ્યો. એમ ઈશ્વર પણ સૌની પાત્રતા પ્રમાણે સૌને આપતા જ હોયછે. પરંતુ મનુષ્ય સ્વભાવ માગ્યા જ કરે માગ્યા જ કરે. અને એમાં ને એમાં દુઃખી થયા કરે. જો એમ માને કે પ્રભુ ઈચ્છાથી જે મને મળ્યું છે. ચાહે સુખ હોય કે પછી દુઃખ એ મારા સારા માટે જ હશે. તો એ ક્યારેય દુઃખી થતો નથી. અને સદાય એના મનમાં આનંદ અને આનંદ પ્રવર્તતો રહે છે.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

- રાજન કનૈયાલાલ ભાવસાર (વિસનગર)



જગત પિતાશ્રી ધર્મદેવ શ્રી હરિપ્રસાદ નામે તથા જગત માતા શ્રી ભક્તિદેવી શ્રી બાલાદેવી (પ્રેમવતી) નામે અવતાર ધારણ કરી છપૈયામાં રહેવાં લાગ્યા. તેમને પ્રથમસંતાનમાં સ્વયં ભગવાન શ્રી સંકર્ષણ એટલે કે શ્રી બલરામજી શ્રી રામપ્રતાપજીના નામે અવતર્યા. બીજા સંતાનમાં સ્વયં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમભગવાન શ્રીહરિકૃષ્ણ (શ્રી સ્વામિનારાયણ) નામે પ્રગટ થયા. તથા ત્રીજા સંતાનમાં સ્વયં શ્રી પ્રદ્યુમ્ન ભગવાન શ્રી ઈચ્છારામ નામે પ્રગટ થયાં.

શ્રી રામપ્રતાપજી મહારાજને (૧) શ્રી નંદરામજી (૨) શ્રી અયોધ્યાપ્રસાજી (૩) શ્રી ઠાકોરરામજી એમ ત્રણ પુત્ર થયા. જેમાં શ્રી અયોધ્યાપ્રસાદજીનો જન્મ વિ.સં. ૧૮૬૫ ના જેઠ સુદ-૧૧ ને નિર્જળા એકાદશી કે જે ભીમએકાદશી પણ કહેવાય છે. તેવા શુભ દિવસે થયો. શ્રી અયોધ્યાપ્રસાદજી બાળપણથી જ ખૂબ જ ભક્તિભાવવાળા હતા. આથી જ ભગવાન સ્વામિનારાયણે બાળપણમાં સ્વપ્ન અવસ્થાને વિષે શ્રી અયોધ્યાપ્રસાદજીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપ્યું.


ભગવાન સ્વામિનારાયણ સર્વે પરમહંસો તથા હરિભક્તોની ઈચ્છાથી સદ્. પરમચૈતન્યાનંદ સ્વામી તથા સ.ગુ. નિર્ગુણાનંદ સ્વામી ધર્મકુળને લેવા ઉત્તરપ્રદેશ ગયા. જ્યારે તેઓ સમગ્ર ધર્મકુળ સાથે ગુજરાત આવતાં હતા ત્યારે રસ્તામાં પૂ. અયોધ્યાપ્રસાદજીને ઉંમર નાની હોવાથી, મુસાફરીના કારણે તાવ આવ્યો. આથી સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ તે સમયે દિવ્ય સ્વરૂપે પીળા છત્રની છાયાએ યુક્ત રોઝા ઘોડા ઉપર બેસીને આવ્યા અને શ્રી અયોધ્યાપ્રસાદજીને જળ પીવડાવ્યું. આવું દિવ્ય દર્શન નિર્ગુણાનંદ સ્વામીને થયું. આથી પૂ. અયોધ્યાપ્રસાદજીનો તાવ ઉતરી ગયો. ત્યારબાદ સર્વ ધર્મકુળ કારિયાણી ગામે આવ્યું. ત્યારે, સર્વ પ્રથમ પૂ. અયોધ્યાપ્રસાદજીએ ભગવાન સ્વામિનારાયણને પ્રત્યક્ષ મનુષ્યરૂપે દેખ્યા. આથી તેમને બાળપણમાં સ્વપ્ન અવસ્થામાં જે દિવ્ય મૂર્તિ દેખાઈ હતી. તે જ મૂર્તિ મનુષ્ય રૂપે પોતાના કાકાશ્રી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનની દેખી અને તેમને તે જ ક્ષણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ નિશ્રય થઈ ગયો. ત્યારબાદ તેમને આજીવન શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને વિષે સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્ત એમ ત્રણેય અવસ્થામાં વૃત્તિ રહેવા લાગી.

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણે વડતાલમાં વિ.સં. ૧૮૮૨ના કા.સુ-૧૧ તા. ૨૧-૧૧-૧૮૨૫ ને મંગળવારે ભરતખંડના ઉત્તર વિભાગમાં આવેલા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠના આચાર્ય તરીકે પોતાના મોટાભાઈ શ્રી રામપ્રતાપજીના બીજા સુપુત્ર એવા 'શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ' ને પોતાના દત્તક પુત્ર તરીકે લઈ સ્થાપિત કર્યા તથા દક્ષિણ વિભાગમાં આવેલા વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠના આચાર્ય તરીકે પોતાના નાના ભાઈ શ્રી ઈચ્છારામજીના ચોથા સુપુત્ર 'શ્રી રઘુવીરજી મહારાજ' ને પોતાના દત્તક પુત્ર તરીકે લઈ સ્થાપિત કર્યા.

આચાર્ય પદનું સ્થાપન કર્યા બાદ ભગવાન સ્વામિનારાયણને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડનું સર્વે સંતો હરિભક્તો સહિત પોતાના નગર અને મહેલમાં પધરામણી કરવાનું ભાવભીનું આમંત્રણ મળ્યું. આથી શ્રીહરિ સર્વે સંતો, હરિભક્તો, ધર્મકુળ તથા બંને આચાર્યોને લઈને વિ.સં. ૧૮૮૨ ના કા.વ.-૩ ને તા. ૨૮-૧૧-૧૮૨૫ ના સોમવારે વડોદરા પધાર્યા. સયાજીરાવ ગાયકવાડે ભવ્ય સન્માન સાથે સમગ્ર વડોદરા શહેરમાં ભગવાન સ્વામિનારાયણની શોભાયાત્રા કાઢી. જેમાં ભગવાન સ્વામિનારાયણને સુવર્ણની અંબાડીવાળા અને ભાતીગળ ઝૂલથી શોભતાં હાથી ઉપર બેસાડ્યાં. બીજા હાથી પર શુકમુનિ અને મુક્તાનંદ સ્વામી બેઠા. તથા ત્રીજા હાથી પર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ બેઠા. આ ત્રણ હાથીની પાછળ ગાયકવાડ સરકારની ચતુરંગી સેના, શ્રીહરિના પાર્ષદો, કાઠી દરબારો તથા અન્ય હરિભક્તો અને પરમહંસો હતા. ત્યારબાદ શ્રી હરિએ રાજાના મહેલમાં પધરામણી કરી આશીર્વચનો આપ્યા. અને ત્રણ દિવસ વડોદરામાં રહી રાજાને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપ્યું.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



બ્રહ્મચારીની જગ્યામાં કૂવો : શ્રીજી મહારાજ રંગ મહોલમાં ઉતરતા ત્યારે આ કૂવાના થાળામાં બેસીને સ્નાન કરતા તથા આ કૂવાનું જળ પીતા તેની સ્મૃતિ માટે ત્યાં આરસની છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યા છે.

અમદાવાદના વચનામૃતના સ્થાનો : (૧) નરનારાયણના મંદિરની આગળ વેદીને વિષે અમદાવાદ ૨, ૪, ૬. (૨) શ્રી નરનારાયણના મંદિરમાં (પોતાની મેડીને વિષે વિરાજમાન) અમદા. ૫ (૩) મંદિરની સન્મુખ ઓટા ઉપર આથમણે મુખારવિંદ અમદાવાદ ૧, ૩. (૪) દરવાજાની મેડી ઉપર તથા દરવાજા પાસે લીંબવૃક્ષ નીચે અમદાવાદ ૭. (૫) મંદિરથી ઉત્તર દિશે ધર્મશાળામાં સંતોને જમાડતા અમદાવાદ ૮.

શ્રી નરનારાયણદેવ મંદિરની વિશેષતાઓ :

(૧) સ્વામિનારાયણ સંપ્રદાયનું સમગ્ર વિશ્વમાં આ સર્વ પ્રથમ મંદિર શ્રીહરિએ નિર્માણ કરાવીને શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને પધરાવ્યા છે. આ નરનારાયણદેવની છત્રછાયામાં પછી અનંત મંદિરો બનતા રહ્યાં છે.

(૨) શ્રી નરનારાયણદેવ સર્વ મુમુક્ષુઓના કલ્યાણ માટે અખંડ તપશ્ચર્યા કરે છે. આ દેવની સ્થાપના અહીં કરીને અમદાવાદને સંપ્રદાયનું ગાદી પીઠ સ્થાન બનાવ્યું છે. તેથી આ ગાદી પણ સૌ મુમુક્ષુઓના સર્વ પ્રકારના હિતને વરેલી છે.

(૩) ભારતમાં આવેલા અન્ય મંદિરોમાં પધરાવેલા શ્રી નરનારાયણદેવ અને આ મંદિરમાં પધરાવેલા શ્રી નરનારાયણદેવમાં ફેર એ છે કે શ્રીહરિએ અનેક વખત સ્વયં કહ્યું છે કે આ નરનારાયણદેવ તો અમારું જ સ્વરૂપ છે. તેમાં અને અમારામાં અણુંમાત્રનો ફેર નથી. (જે. ૫, અમ. ૬)

(૪) સં. ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના દિવસે જ્યારે શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે ઉંબરા ઉપર બેસીને શ્રીજી મહારાજે દેવની પ્રાર્થના કરી છે કે હે મહારાજ ! જે કોઈ મુમુક્ષુ આ મંદિરમાં આવી આપના દર્શન કરે તેના સર્વે મનોરથ આપ પૂર્ણ કરજ્યો અને શ્રી નરનારાયણદેવ પ્રત્યક્ષ સ્વરૂપે તથાસ્તુ કહ્યું છે.

(૫) શ્રીજી મહારાજે પધરાવેલા સર્વે દેવો સરખાજ છે. તેમાં અધિક ન્યૂન ભાવ નથી જ. તેમ છતાં પણ સંપ્રદાયના વચનામૃત જેવા શાસ્ત્રમાં ઘણી જગ્યાએ શ્રીહરિએ નરનારાયણદેવનું પ્રધાનપણું દર્શાવ્યું છે. તે સૂચક છે કે શ્રીજી મહારાજને શ્રી નરનારાયણદેવ પ્રત્યે અધિક રૂચિ હતી. વળી વચનામૃત ગ.પ્ર. ૪૮ માં સર્વે હરિભક્તોએ શ્રી નરનારાયણદેવને પૂજામાં અવશ્ય રાખવા તેવી આજ્ઞા કરી છે.

(૬) વિશ્વભરમાં આ એકજ એવું હિન્દુ મંદિર છે કે જેને માટે અંગ્રેજ સરકારે મંદિર માટેની જમીન બક્ષિસ આપી હોય.

(૭) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ આ મંદિર દ્વારા અનેક ધાર્મિક, સામાજિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન થતું રહેતું હોય છે. આ ઉપરાંત ઔષધાલય, ગૌ-શાળા, અન્નક્ષેત્ર, સાહિત્ય પ્રકાશન જેવી ઘણી પ્રવૃત્તિઓ મંદિર ચલાવે છે. અનુકૂળતા પ્રમાણે પૂર સંકટ, અતિવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ કે અન્ય મોટી હોનારતો વખતે તન, મન, ધનથી સમાજને મદદ કરાય છે. વ્યસન મુક્તિ, રક્તદાન જેવા કાર્યક્રમો થાય છે. બાળ મંડળો, શ્રી નરનારાયણદેવ યુવક મંડળો તથા મહિલા મંડળો દ્વારા સંસ્કાર સિંચન થાય છે.

(૮) સાંપ્રદાયિક તથા ધાર્મિક ઉત્સવોની પરંપરા આ મંદિરમાં અખંડ ચાલ્યા જ કરે છે. અહીનું ઓચ્છવીયા મંડળ સંપ્રદાયમાં સ્થપાયેલું સૌ પ્રથમ ઓચ્છવ મંડળ છે.

(૯) નાત, જાતના ભેદભાવ સિવાય મંદિરના દ્વાર દર્શન કરવા માટે સૌ મુમુક્ષુઓ માટે ખુલ્લાં છે. હરિભક્તો માટે ઉતારાની સગવડ છે. કોઈપણ જાતના પંક્તિભેદ સિવાય યાત્રિકો માટે મંદિરનું રસોડું ખુલ્લું હોય છે.

(૧૦) શાસ્ત્રો પ્રમાણે આ મંદિરમાં શ્રી નરનારાયણદેવનું દર્શન કરવાથી હિમાલયમાં બદરિકાશ્રમમાં રહેલા શ્રી નરનારાયણદેવના દર્શન કરવાનું પુણ્ય મળે છે. આ મંદિર-તીર્થની યાત્રાથી હિમાલયની યાત્રા કર્યાનું પુણ્ય મળે છે. અગિયારસ પૂનમ વગેરે ધાર્મિક પર્વોએ તેમજ ઉત્સવ-સમૈયામાં આ મંદિરમાં ભક્તજનોની અપાર ભીડ થાય છે.

(૧૧) અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા ચાલતી અઠવાડિક અસ્મિતાયાત્રનો પ્રારંભ આ મંદિરેથી થાય છે.

સ્વધામગમન સમયે શ્રીહરિના શબ્દો છે કે - વળી મેં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ વગેરે જે મૂર્તિઓ પધરાવી છે તેમાં હું સાક્ષાત્ રહેલો છું. છતાં પણ નરનારાયણને વિશે હું અધિકપણે રહ્યો છું. કારણ કે દુર્વાસાના શાપના નિમિત્તથી નરનારાયણરૂપે હું જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થયો છું..... તમારાં સુખ દુઃખ નરનારાયણ ભગવાનને કહેજો તેમાં રહીને હું જ તમને સહાય કરીશ. માટે તમારે કદિ શોક કરવો નહિ.

લેખની પૂર્ણાહુતિમાં શ્રી નરનારાયણદેવના પ્રત્યક્ષપણાનો ફક્ત એક જ પ્રસંગ લખી સંતોષ માનીએ. એક વખત ભગવાન સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન હતા. એ વખતે શાહપુરમાં રહેતા બે ભાટ જ્ઞાતિના ભક્તો નરનારાયણદેવના દર્શન કરવા આવ્યા. મંદિરમાં દેવની આગળ જઈ પગે લાગી ઉભા રહ્યા. દર્શન કરતાં એમને સંકલ્પ થયો કે આ બે મૂર્તિઓ તેમાંથી નારાયણ કોણ હશે ? એજ વખતે નારાયણ ભગવાને પોતાના હાથની આંગળીથી પોતાને જ બતાવતાં તે બન્ને જણાને કહ્યું કે અમે નારાયણ છીએ અને અમારી પડખે ઉભા છે તે નર છે. આ પ્રમાણે નારાયણે પોતે પોતાની ઓળખાણ આપી.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો - અમદાવાદ મંદિર વિશે વાંચીને કોઈ અજાણી મુમુક્ષુ વ્યક્તિને આ મંદિરમાં દર્શન કરવાનું મન થાય તો અમદાવાદ મધ્યમાં રીલીફ રોડ પર આવીને હાજા પટેલની પોળના સ્ટેન્ડે અથવા કાળુપુર નવા વાસમાં આવીને પૂછવું, સ્વામિનારાયણ મંદિર ક્યાં ? જવાબ મળશે, અહીં નજીક જ છે !

પરમપૂજ્ય ઘ.ધુ. મોટા મહારાજશ્રીનું દુબઈ (ગલ્ફ) સત્સંગ પ્રચારાર્થે વિચરણ



યુનાઈટેડ આરબ અમીરાતમાં આપણા મૂળ સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ ગાદીના ઘણા આશ્રિતો ધંધાર્થે અને નોકરી અર્થે સ્થાયી થયેલા છે. હમણા ઘણા સમયથી ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી ગલ્ફના દેશોમાં પધાર્યા ન હોવાથી હરિભક્તોને દર્શનની ખૂબજ આતુરતા હતા. પરંતુ શ્રીજી મહારાજ ભક્તોની પ્રાર્થના સાંભળતા હોય છે. તેમાં પ્રેરણારૂપ બન્યા પ.ભ. ભીમજીભાઈ ટાંક, તેમની નવી ફેકટરી અને ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે તા. ૧૦-૧૨-૦૮ ના રોજ દુબઈ પધાર્યા. એરપોર્ટ પર અનેક ભાવિક ભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું.

શારજાહમાં પ.ભ. ભીમજીભાઈ ના ઘરે ઉતારે પધારી ત્યાં મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને હરિભક્તોએ સ્વયં તૈયાર કરેલ ભવ્ય કેક પોતાના વરદ્‌ હસ્તે કાપીને કહ્યું કે આજે કોનો જન્મ દિવસ છે ? ત્યારે શ્રી ભીમજીભાઈએ કહ્યું કે આપશ્રી અહીં પધારો એજ દિવસ અમારા બધાનો જન્મ દિવસ છે. ધન્ય છે તેમની સમજણને.

તા. ૧૧-૧૨-૦૮ ના રોજ દરેક ભક્તોના ઘર પૂ. મહારાજશ્રીએ પાવન કર્યા. સૌ ભક્તોની આંખો આનંદથી અશ્રુભીની થઈ ! સાંજના શારજહાના સ્કાય લાઈન કોલેજના વિશાળ હોલમાં ભવ્ય સભા થઈ હતી. સૌ પ્રથમ ઠાકોરજીની આરતી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત પૂજન થયું.

પ્રાસંગિક સભામાં ભક્તિ હરિ સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સૌને યેનકેન પ્રકારે જોડાવા આહ્‌વાન કર્યું. ત્યારબાદ શ્રી મિતેષભાઈ ઠક્કર અને શ્રી રમણીકભાઈ મીસ્ત્રીએ ધર્મકુળ માહાત્મ્ય કહ્યું. અહીં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આર્શીવચનમાં બે વાત પર ભાર મૂકતા જણાવ્યું કે શ્રીહરિની નિષ્ઠા અને ઉપાસના દ્રઢ કરજો. તમારા ફીજ અને સિંહાસન ચોખ્ખા રાખજો. ફીજમાં એવી વસ્તુ રાખજો કે જે ભગવાનને થાળમાં ધરાવી શકાય. જેથી ઉપાસના અને આહાર શુધ્ધ રહેશે. નિયમો દ્રઢ રહેશે. આપણા દરેક ભક્તોના સિંહાસન ચોખ્ખા છે તે જોઈને અમને આજે ખૂબ આનંદ થયો.

પ.ભ. મિતેષભાઈની વારંવાર અહીં પધારવાની પ્રાર્થના સાંભળીને કહ્યું કે અમે તો હવે નિવૃત થયા છીએ. પણ આચાર્ય મહારાજશ્રી તથા ગાદીવાળાશ્રીને જરૂર મોકલતા રહીશું. આપને વિયોગ થવા નહી દઈએ. આ સાંભળી હરિભક્તો ખૂબજ રાજી થયા. વિશેષમાં પૂ. મહારાજશ્રીએ કહ્યું કે આપણે બધા એકજ કુટુંબના છીએ. આપણે અહીં સાથે છીએ અને અક્ષરધામમાં પણ સાથે રહીશું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અંગે માહિતી આપતા કહ્યું કે આપણા સંપ્રદાયને આવા સંગ્રહ સ્થાનની ખૂબજ જરૂરીયાત હતી. પ્રસાદીની વસ્તુઓની વૈજ્ઞાનિક ઢબે લાંબા સમય સુધી જાળવણી થાય તે અતિ જરૂરી હતું. માટે અમે આ સંકલ્પ કર્યો છે. તેમાં અમારે નાના મોટા હરિભક્તોને સહભાગી બનાવવા છે. અને સર્વેને સેવાનો લાભ આપવો છે. જેથી દરેકને આ મ્યુઝિયમ પોતાનું છે એમ થાય.

સભા સંચાલન પ.ભ. કિરીટભાઈ ભટ્ટે કર્યું હતું. સુંદર રાસનું આયોજન હરિભક્તોએ કર્યું હતું. રાસ નિહાળીને પ.પૂ. મહારાજશ્રી ખૂબજ રાજી થયા હતા.

તા. ૧૨-૧૨-૦૮ ના રોજ પ.ભ. ભીમજીભાઈ ટાંકની નવી ફેકટરી તથા ઓફિસનું અજમાન ખાતે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે વિધિવત ઉદ્‌ઘાટન થયું. તેમની નવી ઓફિસમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ મહાપૂજામાં બિરાજીને પ.ભ. ભીમજીભાઈ અને તેમના પુત્રો શ્રી સંજયભાઈ અને શ્રી અલ્પેશભાઈને રૂડા આશીર્વાદ આપ્યા. મહાપૂજા વિધિ ભક્તિ હરિ સ્વામી અને વિશ્વવિહારી સ્વામીએ કરાવી હતી.

સાંજના દુબઈ નવા વીલા ખાતે ભવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. પૂજય મહારાજશ્રીએ સૌ પ્રથમ શ્રીહરિની આરતી ઉતારી હતી. અને હરિભક્તોએ સમૂહમાં પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારીને અલભ્ય લાભ લીધો. ત્યારબાદ કૌશિકભાઈ તથા પરાસરભાઈએ કીર્તન ભક્તિ કરીને પૂ. મહારાજશ્રીને રાજી કર્યા. સંત હરિભક્તોએ ધર્મકુળનો મહિમા સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સૌને સેવા કરવા અનુરોધ કર્યો હતો. અને છેલ્લે શ્રી સુરેશભાઈએ કહ્યું કે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના જીવનમાંથી આપણે ઘણું શીખવાનું છે. તેઓ સાક્ષાત્‌ શ્રીહરિ સ્વયં છે. તેમ કહી સુંદર મહિમા સમજાવ્યો.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે અહીંયા આવી અમને ખૂબજ આનંદ થયો. તમે બધા મહારાજનું ભજન કરી અને એવા ભક્તો થાવ કે આપણે તો ભગવાનને સંભારીએ છીએ પણ ભગવાન આપણને સંભારે તેવા ભક્તોની યાદીમાં આપણે આવી જઈએ. જેના પર નારદજી તથા હનુમાનજીના નામ ભગવાનની ડાયરીમાં હતા તેવા ભક્ત બનવા ખાસ ભલામણ કરી.

પૂ. મહારાજશ્રીએ મંદિરમાં ફરી જગ્યા જોઈ ખૂબજ રાજી થયા હતા.

તા. ૧૩-૧૨-૦૮ ના સાંજના પ.ભ. શામજીભાઈ મેપાણીના ઘરે હરિ મંદિરમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ યાત્રા પ્રવાસમાં પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી (મથુરા) ભક્તિ સ્વામી, અને વિશ્વવિહારી સ્વામી (મૂળી) તથા હજુરી પાર્ષદ વનરાજ ભગત અને અમેરિકાથી શ્રી સોમાભાઈ તથા શ્રી રસિકભાઈ અને ઓમાનથી શ્રીયોગેશભાઈ જોડાયા હતા.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)



વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મધ્યરાત્રીનો સમય છે. સર્વત્ર નિરવ શાંતિ છવાયેલી છે. 'તેરા' ગામઆખુંય ઘસઘસાટ ઉંઘી રહ્યું છે. ગામમાં શ્રીહરિની સાથે પધારેલા સંતો-પાર્ષદો પણ યોગ નિંદ્રાનો સ્વીકાર કરી રહ્યા છે.

એવા સમયે અચાનક જ શ્રીહરિએ ડુંગરજી નામે એક પાર્ષદને આજ્ઞા કરી. ડુંગરજી ! ચાલો અમારી સાથે અને ડુંગરજી જાગ્યા. બરાબર ઉંઘ ચડેલી છે તેથી બોલ્યા કે મહારાજ ! અત્યારે રાત્રીના સમયે ? હા, ચૂપચાપ ચાલો. ડુંગરજી ઉભા થઈ આંખો ચોળતા ચોળતા મહારાજની સાથે ચાલે છે. સાથે સાથે જીભ પણ ચાલું થઈ. મહારાજ ! હજુ તો અડધી રાત થઈ છે. બધે અંધારુ હશે, જ્યાં દલીલ થઈ. એટલે પ્રભુને થયું કે અમારે ભક્તને સેવક ધર્મના પાઠ શીખવવા કાંઈક શિક્ષા કરવી પડશે.

સેવકનો ધર્મ શું છે ? આજ્ઞા થાય એ પાળવાની. મને એમ કે ..... તો સમજવું કે, એ સેવક ધર્મ તૂટી ગયો. હું તો એવું માનતો તો ..... એ સેવક ધર્મ તૂટે છે. તમારા માનસિક વિચારો. તમારી માન્યતાઓ જરાક બંધ કરી દો. આ ડુંગરજી કહે છે, મહારાજ ! અત્યારે તો દરવાજે તાળુ માર્યું હશે. દરવાજો બંધ હશે. એ જમાનામાં ગામડાઓમાં, શહેરોમાં જ્યાં રાજા રાજ્ય કરતા હોય એ પોતાના નગરને વિશાળ દિવાલથી બંધ કરી દે. રાત્રે દરવાજા બંધ થઈ જાય. એને કોટ કહેવાતો. મહારાજ કહે છે, તું ચૂપચાપ સાથે ચાલ્યો આવ. ચોકીદારને શ્રીજી મહારાજે જગાડ્યો. ભાઈ ! અમારે બહાર જવું છે. અત્યારે તાળુ ખોલી આપીશ ? હા, ચોકીદારે જોયું કે આતો બહુ જાણીતા છે. ખોલી આપું. ક્યાંક પથારીમાં ચાવી સંતાડી હશે એ શોધવા લાગ્યો. શ્રીજી મહારાજ ઉતાવળા હતા. જઈને તાળાને હાથ લગાડ્યો. તાળુ ખુલી ગયું. ચોકીદારને કહે છે, આ તાળુ કાંઈક બગડી ગયું લાગે છે. જો તો. ચોકીદારે જોયું કે તાળુ કાંઈ બગડેલું હોય ? મોટા જુનાં ખંભાતી તાળા, હથોડા મારો ત્યારે ઉઘડે એવા તાળાં સ્વામિનારાયણ ભગવાને હાથ અડાડ્યોને તાળું ખુલી ગયું. ડુંગરજી અને મહારાજ તેરાથી બહાર નીકળ્યા.

એક ખેતરમાંથી પસાર થતા હતા અને ફરીથી ડુંગરજી બોલ્યા, મહારાજ ! હજુ તો બહુ અંધારું છે. એટલે શ્રીજી મહારાજ કહે છે. ડુંગરજી ! વાત સાચી છે. હજુ બહુ અંધારુ છે. એક કામ કરીએ. આ ખેતર છે ને જો કેટલી સરસ ખેડ કરેલી છે. માટી પણ કેટલી મુલાયમ અને સુંવાળી છે. માટે અહીં સૂઈ જઈએ. ગાદલાં કરતાંય અહીં વધુ આનંદ આવશે. ડુંગરજીને એમ થયું. હાશ, મહારાજ માન્યા તો ખરા. પથારી નહિ તો ખેતરની માટી. થોડીવાર સૂઈ તો જઈએ અને શ્રીજી મહારાજ અને ડુંગરજી બંને ખેડેલા ખેતરમાં પોઢી જાય છે. થોડીવાર થઈ અને નાદ શરૂ થયો. ઘણાને ટેવ હોય છે રાત્રે ન સૂવે ન સૂવા દે. હારમોનિયમનો જાડામાં જાડો સૂર વાગતો હોય છે એવો સૂર વગાડવા માંડે. ડુંગરજીએ જાડામાં જાડા સૂરથી ઘરર..... ઘરર..... ચાલુ કર્યું. શ્રીજી મહારાજને થયું જ્યારથી આને સાથે લીધો ત્યારનો દોરી ખેંચ્યા કરે છે. અંધારુ છે. અડધી રાત છે. પ્રભુ એને ખેતરમાં ઊંઘતો મૂકીને ચાલ્યા ગયા.

જો સેવક પોતાનો ધર્મ ભૂલેને તો આ સ્થિતિ થાય છે. ડુંગરજીને ગામની બહાર ખેતરમાં સૂવાડી દઈ અને પ્રભુ એકલા-એકલા ચાલી નીકળ્યા. ડુંગરજીને થોડો ઉંઘવામાં રસ હતો. સેવકનો ધર્મ બહુ કઠીન છે. સેવા ધર્મ સરળ નથી. બહુ કઠીન છે. જેની સેવા કરવાની છે એની અનુવૃત્તિને સમજી લેવી એ કામ સરળ નથી. ઘણું કઠણ છે. ડુંગરજી ભક્ત એ તો મુક્ત આત્મા છે. પણ ઘણીવાર મુક્તાત્મા પોતાના આચરણથી જ આપણને ઉપદેશ આપતા હોય છે. પરમાત્મા સાથે હતા. અડધી રાત, માનવ સ્વભાવ છે. કદાચ ઉંઘ તો આવે. આપણે ગમે એવા ડાહ્યા છીએ

ઘેરથી પરવારીને આવીએ છીએ છતાં શું સભામાં ઉંઘ નથી આવતી? આવે છે. એમ ઘણીવાર સ્વામિનારાયણ ભગવાન સાથે હોય છતાં ક્યાંક ઉંઘવાનું મન થઈ જાય. અડધી રાત એટલે બરાબર ઉંઘવાનો સમય. પણ ભગવાન પોતાના ચરિત્રથી જ જાણે કે ભક્તને ટકોરો મારે છે. તમે જો ઉંઘો તો આવું થાય ! ગામમાંથી ઉઠાવીને બહાર ખેતરમાં લાવી, ખેતરની માટી ઉપર ડુંગરજી બરાબર સૂઈ જાય છે ને પ્રભુ ચાલી નીકળ્યા છે. જે ઉંઘે એની પાસેથી ભગવાન જતા રહે.

પછી ડુંગરજી ભક્ત જાગ્યા અને જાગતાંની સાથે જ મહારાજ! જય સ્વામિનારાયણ. પણ કાંઈ જવાબ ન મળે. એકદમ ગભરાઈ ગયા. આજુબાજુ શોધ્યા પણ ક્યાંય મહારાજ દેખાયા નહિ. દોડાદોડ ગામમાં ગયાને સંતોને મળ્યા અને પૂછ્યું કે, મહારાજ અહીં પધાર્યા છે ? સંતો કહે છે, ના, એ તો ઉતારે હશે. પછી ડુંગરજીએ સઘળી હકીકત સંતોને કહી સંભળાવી. ડુંગરજી ભક્તને ખૂબ પસ્તાવો થયો કે મહારાજ મને શિક્ષા કરવા માટે એકલો મૂકીને ચાલ્યા ગયા છે.

સેવક ધર્મ સમર્પણ ઉપર નભે છે, તર્ક ઉપર નહિ. જેને રાજી કરવા છે. એને વચન એજ સેવકનો ધર્મ, ડુંગરજી ભક્ત આજે જાણે કે અગત્યનો સેવાનો પાઠ શીખ્યા. શ્રીજી મહારાજની આ લીલા વાંચીને તમને નથી લાગતું કે આપણે પણ આ કથામાંથી જરૂર કાંઈક શીખવા જેવું છે.

●

સેવા જાતે જ કરવી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"કોણ રે પુણ્ય વિઠ્ઠલવર પામી,
ભલે મળ્યા જે રામના સ્વામી,"

પૂર્ણ પુરૂષોત્તમઅક્ષરધામના અધિપતિ ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ ધરતી ઉપર પધાર્યા અને જેને જેને મળ્યા. તેનાં કેટલાં મોટાં ભાગ્ય હશે!

સ્વામિનારાયણ ભગવાન ભક્તોના મનોરથ પૂર્ણ કરવા આ ધરતી ઉપર પધાર્યા ત્યારે અનેક ચરિત્રોને આપણા સંતોએ નિહાળીને તેને લખી શાસ્ત્રો રૂપે જીવંત રાખ્યા. તે શાસ્ત્રોમાં શ્રીજી મહારાજે કરેલ ચરિત્રો તથા મુમુક્ષુઓને આપેલ ઉપદેશ તે બધું અક્ષરસહ આલેખી લીધું. તેમાંનો એક પ્રસંગ છે.

એક વખત જીવાખાચરે શ્રીજી મહારાજ આગળ પ્રસ્તાવ મૂક્યો કે મહારાજ ! મારે સંતોને જમાડવા છે. મારા આંગણે સંતો પધારે, કથા-વાર્તા થાય, મહારાજ આપના પગલા અમારા ઘરે થાય, ત્યારબાદ સંતોની પંક્તિ થાય, એ પંક્તિમાં તમે તમારા લાડીલા સંતોને તમારા હાથે પીરસો. એવી અપેક્ષા સાથે મહારાજ હું તમારી આગળ આ પ્રસ્તાવ મુકું છું. મારી વિનંતી સ્વીકારો. મારી અરજી સાભળો. "મારા નાથ". મહારાજે હસ્તે મુખે હા પાડી. તમારો ભાવ-પ્રેમ લાગણી જોઈ અને ખૂબ રાજી થયા. તમે કહેશો ત્યારે અમે સંતો સાથે જરૂર પધારીશું.

મહારાજ તોતો અત્યારે જ પધારો. આવતી કાલે જ સંતોની રસોઈ તૈયાર થઈ જશે. સીધું તૈયાર છે. મહારાજે તથાસ્તુ કહ્યું.


જીવાખાચર હેતવાળા હરિભક્તોને પણ આમંત્રણ આપે છે. કેમ કે એ બધાને ખબર પડે કે જીવાખાચર કેવા ઉદાર છે. પ્રથમ સભા થઈ. કથાવાર્તા થઈ અને પછી સંતોની પંક્તિ થઈ, તે સમયે મહારાજ સંતોને લાડુ પીરસવા લાગ્યા. મહારાજની સાથે સાથે સંતો પણ દાળ-શાક-કઠોળ- આદિક અન્ય ભોજન પીરસવા લાગ્યા. એ સમયે જીવાખાચર હાથ લાંબા કરીને ઉભા ઉભા બીજા હરિભક્તોને કહેવા લાગ્યા કે આ બાજુ જુઓ પાણી બાકી છે. ત્યાં હજુ પાણી પહોંચ્યું નથી. વગેરે વગેરે ખુરશી પર બેઠા બેઠા ઓર્ડર કરવા લાગ્યા.

આ સાંભળી મહારાજે કહ્યું, જીવાખાચર તમે બીજા પાસે સેવા કરાવશો. એમાં તમને શું પુણ્ય ? સ્વયં ઉભા થઈને સેવામાં જોડાઈ જાઓ. ત્યારે જીવો ખાચર કહે, મહારાજ આ રસોઈ બધી અમારા તરફથી છે. તેથી આ બધો ખરચ મેં કર્યો તો પુણ્ય મને જ મળવાનું ને ?

સજ્જનો આંખ ઉઘાડે એવી શાસ્ત્રના રહસ્ય વાળી વાત આજ મહારાજ જીવાખાચરને કહે છે, કે સાંભળો નારદ ને સાધુની સેવામાં મૂક્યા તેથી નારદ મુક્ત થઈ ગયા. અને જેણે એ સાધુને ચાર માસ રાખ્યાને જમાડ્યા તેનું તો કોઈ નામે જાણતું નથી અને નારદજી તો ભગવાનનું મન થયા.

આ વાત ભાગવત માહાત્મ્યમાં પ્રસિધ્ધ છે. કે નારદજી એક દાસીના પુત્ર હતા. તે દાસી એક શેઠના ઘરે કામકાજ કરતી. તેમના ઘરે એક સમયે સંતો પધાર્યા. નારદજીએ માતાના કહેવા અનુંસાર તે સંતોની સેવા કરી. સંતો રાજી થઈ ગયા. ગુરુમંત્ર આપ્યો. અને તે મંત્રના પ્રતાપે ભગવાનનાં સાક્ષાત્કારને પામ્યા અને ભગવાનનું મન કહેવાયા. પણ જે શેઠે મહાત્માને પોતાના ઘરમાં ઉતારો આપ્યો હતો તે શેઠ કોણ હતા તેને કોઈ ઓળખતું નથી. માટે આ વાત યાદ કરીને જીવાખાચરને માટે અહીં મહારાજે કહ્યું કે જેણે એ સાધુને ચાર માસ રાખ્યા ને જમાડ્યા તેનું તો કોઈ નામે જાણતું નથી. ને સેવા કરનારનું કામ થઈ ગયું. આ વાત સાંભળી એટલે જીવાખાચર સેવામાં લાગી ગયા. માટે "સેવા હમેંશા જાતે જ કરવી જોઈએ."

ભક્તિ સુધા



શ્રી નરનારાયણદેવનો મહિમા

- ભાવનાબેન કમલેશકુમાર ખંધડીયા (મોરબી)

મુમુક્ષુ જીવાત્માઓને શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ પ્રથમઆપેલ સર્વોપરી ભેટ એટલે આપણા શ્રી નરનારાયણદેવ. આ કલ્પવૃક્ષ સમાન સત્સંગમાં આપણા સૌને ચિંતામણી તુલ્ય અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં સર્વ પ્રથમ-સ્વહસ્તે બનાવેલ મંદિરમાં શ્રી નરનારાયણદેવને બાથમાં ઘાલીને પધરાવ્યા, એ ગૌરવવંતી ઐતિહાસિક ઘટના વિશ્વમાં આપણા સંપ્રદાયમાં સુવર્ણયુગ સમાનછે.

આ સૃષ્ટિની ઉત્પતિ થઈ ત્યારથી જ શ્રી નરનારાયણદેવની ઉપાસના શરૂ થઈ હતી. શ્રીમદ્ ભાગવત, વાયુપુરાણ, મહાભારત તથા વિષ્ણુપુરાણ વિ. માં નરનારાયણદેવ ને જ ભરતખંડના રાજા કહ્યા છે. એજ ભરતખંડના મનુષ્યો માટે આરાધ્ય દેવ છે. આપણે જે દેશમાં રહેતા હોય, તે દેશના કાયદા-કાનુન અને રાષ્ટ્ર ધ્વજ ને માન આપવું પડે. દા.ત. અમેરિકામાં રહેતા હોય તો અમેરિકાના કાયદા-કાનુન અને ધ્વજને માન આપવું પડે. તેવી જ રીતે, ધાર્મિક દ્રષ્ટિથી આપણે શ્રી નરનારાયણદેવના દેશમાં રહીએ છીએ. તો આપણા સૌના માટે આરાધ્ય દેવ શ્રી નરનારાયણદેવ જ છે. અને ઉપાસ્ય પણ એજ છે. એમને મૂકીને બીજાને ભજે છે. તે તો માર્ગ ભૂલ્યા છે. શ્રી નરનારાયણદેવને મૂકીને બીજે જ્યાં ત્યાં માથા નમાવે તેનું કોઈ કાળે કલ્યાણ થતું નથી. ઈતિહાસ સાક્ષી પુરે છે કે હજારો વર્ષથી ભારતવર્ષમાં શ્રી નરનારાયણદેવની ઉપાસના પ્રચલિત છે.

શ્રી નરનારાયણદેવનો મહિમા વર્ણવતા સ.ગુ. વાસુદેવાનંદ વર્ણી સત્સંગિ ભૂષણમાં લખે છે કે વેદ વ્યાસ મુનિએ શ્રીમદ્ ભાગવતમાં આદિ અંત્ય અને મધ્યમાં તથા મહાભારતમાં અને પુરાણોમાં પણ શ્રી નરનારાયણદેવ નું જ વર્ણન કર્યું છે. એમનું જ માહાત્મ્ય ગાયું છે. મહાભારતમાં તો ડગલે ને પગલે શ્રી નરનારાયણદેવનો મહિમા ગાયો છે. અને શ્રી નરનારાયણદેવને જ મુખ્ય દેવ રૂપે તથા ઉપાસ્ય દેવ તરીકે વર્ણવ્યા છે. શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનથી જરાય જુદા નથી. જેનો મહિમા અક્ષરધામમાં નિરંતર ગવાય છે. જેણે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો હોય, તેના હૃદયમાં મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનો મહિમા આપોઆપ કંડારાઈ જાયછે.

નર અને નારાયણ સ્થુળ દ્રષ્ટિથી બે જુદા સ્વરૂપો દેખાયછે. પણ આધ્યાત્મિક દ્રષ્ટિથી તેઓ જુદા નથી, બન્ને એક જ છે. ભક્ત ચિંતામણીમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ રહસ્ય સમજાવેછે.

"છો તો એકને દિસો છો દોય
તેનો ભેદ જાણે જન કોય."

હે પ્રભુ તમે એક હોવા છતાં બે સ્વરૂપે દર્શન આપો છો, એનો ભેદ કોઈ જાણી શકતું નથી. શ્રી નરનારાયણદેવના દર્શન કરતી વખતે સંસ્કૃતમાં એમના માટે એકવચન જ વાપરવામાં આવેછે. "શ્રી નરનારાયણ નમઃ" પરંતુ દ્વિવચન વપરાતુ નથી. દર્શનમાં નર અને નારાયણ એમબે સ્વરૂપો દેખાય છે. પણ શાસ્ત્ર શ્રી નરનારાયણદેવને એકવચન થી જ આદર આપે છે. શ્રી પુરુષોત્તમનારાયણ તે ધર્મદેવ થકી મૂર્તિને વિશે શ્રી નરનારાયણદેવ રૂપે પ્રગટ થઈને બદરીકાશ્રમને વિષે તપ કરે છે. આ વાત સ્વયં શ્રીહરિએ અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં કહી છે : "શ્રી નરનારાયણદેવને અમે અમારૂ સ્વરૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વ પ્રથમઆ શ્રી નગરને વિશે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણદેવને વિષે ને અમારે વિષે લગારે

પણ ભેદ સમજવો નહીં, ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે.''

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ સ્વરૂપ છે. સ્વયં શ્રીહરિએ પણ વચનામૃતમાં ''આપણા ઈષ્ટદેવ શ્રી નરનારાયણ દેવ''એમ કહીને અતિશય મહિમા વર્ણવેલ છે.

એકવાર ઈન્દ્રને કુવિચાર આવ્યો ને શ્રી નરનારાયણદેવના પવિત્ર અને કલ્યાણકારી તપમાં શંકા ગઈ અને તપમાં વિઘ્ન કરવા કામદેવને મોકલ્યા. આત્માને બાળનાર ક્રોધ પણ જેમના નિર્મળ અંતઃકરણમાં પ્રવેશ કરતા ભય પામે છે, તો કામદેવ તો પ્રવેશે જ ક્યાંથી?

સર્વાવતારી શ્રી નરનારાયણદેવનો પ્રતાપ અને મહિમા અદ્‌ભુત છે. સ્વયં શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે આ સંસારમાં દ્રઢ બ્રહ્મચર્ય વાળા તો એક શ્રી નરનારાયણ ઋષિ જ છે. અને આપણે તેમનો આશ્રય છે. માટે આપણે પણ એ સરખા જ નિષ્કામી થઈશું. સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે શ્રી નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી. અંતમાં શ્રીજી મહારાજના શબ્દોમાં શ્રી નરનારાયણદેવ સર્વ અવતારના કારણ છે.

●

માળા ફેરવવાની રીત

- જયશ્રી સુરેશકુમાર ઝિંઝુવાડીયા (ધ્રાંગધ્રા)

કારતક સુદ નવમીને દિવસે શ્રીહરિ રાત્રીએ મહા સભામાં બિરાજમાન હતા. ત્યારે વાસુદેવાનંદ વર્ણીએ શ્રીહરિને દરરોજ કરવા યોગ મંત્રજાપનો વિધિ સંભળાવવા કહ્યું ત્યારે શ્રીહરિએ કહ્યું.

''હે વર્ણી! આચાર્ય થકી દીક્ષાને પામેલાં, સ્નાન કરીને શુદ્ધ થયેલો, એકાગ્ર મનવાળો, ચિંતાથી અને ક્રોધથી રહિત એવા પુરુષ જપ કરવા યોગ્ય ગણાય છે.''

એકસોને આઠ મણકાવાળી માળા ઉત્તમ છે. ચોપન મણકાની માળા મધ્યમ છે અને સત્તાવીશ મણકાની માળા કનિષ્ઠ છે. સ્વસ્તિક આસનમાં બેસી સરળ ચિત્તવાળા થઈ પોતાના હૃદયમાં ભગવાનને સંભારતા સંભારતા વસ્ત્રથી ઢાંકીને ગૌમુખીમાં માળા ફેરવવી. એક એક મણકે એક એક મંત્રનો જપ કરવો. તર્જની (વચલી) આંગળીના વચલા પર્વમાં (ટેરવામાં) અંગુઠાના આગળના ભાગથી માળાના એક એક મણકાને ફેરવવો. જપ કરનાર માળાને ડાબા હાથથી ન અડે અને નિયમના જપ પુરા ન થાય ત્યાં સુધી જમણા હાથથી માળાને નીચે પડવા ન દેવી. પ્રમાદને કારણે હાથમાંથી માળા પડી જાય તો તે દોષના નિવારણ માટે એક માળા વધુ ફેરવવી. માળાને પૃથ્વી ઉપર મુકવી નહીં. માળા ફેરવતી વખતે જમણો હાથ વારંવાર હલાવવો નહિ.

માથામાં પાઘડી પહેરીને નીચે મુખ રાખીને, ચોટલી બાંધ્યા વગર સ્નાન કર્યા વિના, અપવિત્ર હાથે, ચિંતાયુક્ત મને અને બીજાની સાથે વાતો કરતા કરતા માળા ફેરવવી નહીં.

ગૌ મુખી અથવા વસ્ત્રના ટુકડાથી ઢાંક્યા વિના ક્યારેય પણ માળા ન ફેરવવી. આસન વિના પૃથ્વી ઉપર બેસીને માળા ન ફેરવવી. સૂતા સૂતા, ચાલતા ઉભા રહી, પગરખા પહેરી વાહનમાં બેસી અને સૂવાના પલંગમાં બેઠા બેઠા માળા ફેરવવી નહીં. પગ ઉપર પગ ચઢાવીને અને લાંબા પગ કરીને માળા ન ફેરવવી. હસતા હસતા, ઉતાવળથી, ચારેબાજુ જોતા જોતા હાથના ઈશારા કરતા અને આંખના ઈશારા કરતા કરતાં માળા ફેરવવી નહીં. રસ્તામાં, સ્મશાનમાં, અપવિત્ર સ્થાનમા, ગાઢ અંધકારમાં અને પાપીઓની સાથે બેસીને માળા ફેરવવી નહીં.

માળા ફેરવવામાં ઉંઘ મહા વિઘ્નરૂપ છે. માટે નિંદ્રાને સાવધાન થઈને જીતવી. બુદ્ધિમાન પુરુષે આપત્કાળ પડ્યા વિના નિષેધ કર્મનું ઉલ્લંઘન ન કરવું. પોતાના મનને નિયમમાં રાખીને માળા ફેરવવી, મનનો સંયમ, પવિત્રપણું, મંત્રના અર્થનું ચિંતન, વ્યાકુળતાએ રહિત અને ઉદાસીનતાનો ત્યાગ, આ સર્વે જપની સિધ્ધિના કારણ છે.

જપ કરતા કરતા પરમાત્માની મૂર્તિની સામું જોતા જોતા માળા ફેરવવી અથવા મનથી ચિંતવન કરતાં કરતાં માળા ફેરવવી. જપ કરતા હોઈએ ત્યારે બિલાડી અથવા ઉંદરનો સ્પર્શ થાય તો માળાને વસ્ત્ર ઉપર મુકી આચમન કરી સૂર્યનારાયણનાં દર્શન અથવા શ્રીહરિનું સ્મરણ કરી બાકી રહેલ માળા કરવી. નીચ જાતિ અથવા અભક્ષ્ય વસ્તુનો સ્પર્શ થાય તો સ્નાન કરીને પછી માળા કરવી.

જપના વાચિક, ઉપાંશુ અને માનસિક આ ત્રણ ભેદ છે. તેમાં ઉચ્ચારણ કરીને જપ કરવો તે કનિષ્ઠ છે. કંઠમાં જપ કરવો તે મધ્યમ છે. મનમા જપ કરવો તે ઉત્તમ છે.

માનસ જપ શ્રેષ્ઠ કહ્યો છે. પરંતુ તેના માટે પ્રથમ મનની એકાગ્રતા અને સતત સાવધાની જોઈએ, નહીંતર મનમાં માની લીધું હોય કે હું તો માળા ફેરવતી વખતે મનમાં જપ કરું છું. પરંતુ મનભાઈ તો ફરવા ચાલ્યા ગયા હોય અને હાથમાં એકલી માળા જ ફરતી હોય.

??? પ્રશ્નપેટી ???

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ "આ મનુષ્ય દેહમાં આવ્યા ત્યારે ચોરાશી લાખ જાતના જે મા-બાપ તે અજ્ઞાને કરીને વિસાર્યા છે, તેમ આ મનુષ્ય શરીરના જે મા-બાપ છે તેમને જ્ઞાને કરીને વિસારી દેવા." આ આજ્ઞા ક્યા વચનામૃતમાં કહી છે ?

પ્રશ્ન : ૨ મૂળી મંદિરમાં છેલ્લે શિખરોનું બાકી રહેલું થોડું કામ ચાલુ હતું. તે વખતે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના પૂ. ગાદીવાળાએ પોતાના ઘરેણાંની પેટી બ્રહ્માનંદ સ્વામીને મોકલી અને શું કહેવરાવ્યું ?

પ્રશ્ન : ૩ પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રી કોણ હતા ? તથા તેમનો ગાદી અભિષેક ક્યારે થયો હતો ?

પ્રશ્ન : ૪ અભય ખાચરની પત્નીઓ સોમાદેવી અને સુરપ્રભા કોની પુત્રીઓ હતી ?

પ્રશ્ન : ૫ ભાગ્ય વિના ભટકત ફિરે, હુન્નર કરત હજાર, મુકત કહે કેસે મીલે, જોન લખ્યો કરતાર. આ સાખી કોણે કહી છે ?

પ્રશ્ન : ૫ ગુરુ, દેવ, આચાર્યશ્રીના દર્શન અર્થે જ્યારે જઈએ ત્યારે કેવા હાથે ન જવું એ વાત શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહી છે ?

પ્રશ્ન : ૬ કે વર્યા મેં તો રંગભર વહાલાને, કે લટકાળા નંદલાલા રે.... વર્યા કીર્તનના રચયિતા ?

નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) એક સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ તે મત્સરના હેતુ છે. અને જેને એ ત્રણવાનાં ન હોય તેને માન છે. તે મત્સરના હેતું છે. મહારાજ કહે છે કે, કોઈ આપે ને કોઈ લે એમાં વચમાં બળી મરે તેને કહેવાય મત્સર. જે કારીયાણીનાં છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે. (૨) સ.ગુ. મુક્તાનંદ સ્વામી. (૩) સંવત ૧૮૭૯ માં પંચાળામાં ફૂલદોલ ઉત્સવ કર્યો હતો જેમાં ઝીણાભાઈના દરબારમાં રાત્રીને વિશે સંતો સાથે રાસ રમ્યા હતા. (૪) તે દાતણ વરખડીના વૃક્ષનું હતું. અને તે કરજીસણમાં વાઘરોડા તળાવે છે. (૫) શ્રીહરિએ જેતલપુરના પાંચમાં (૫) વચનામૃતમાં કહ્યું છે. (૬) દાસ વાસુદેવજી (પદ-૨... વરણવું વાલા રે મૂર્તિ મંગલકારે) (૭) જેતલપુર ધામ.

૧. સાં. શિલ્પાબા (સુરેન્દ્રનગર)
૨. માધવજી આદ્રોજા મોરબી
૩. કંચનબેન રતનપર
૪. જ્યોત્સનાબેન મથાણી (જીરાગઢ)
૫. અંજનાબેન પટેલ (નાંદોલ)
૬. સુભદ્રાબેન પટેલ (કનીપુર)
૭. પટેલ હાર્દ, હેલી (નરોડા)
૮. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલવાલા)
૯. પ્રફુલાબેન પટેલ (ઉવારસદ)
૧૦. જ્યોત્સનાબેન પટેલ (આનંદપુરા)
૧૧. ગંગાબેન (ઝુલાસણ)
૧૨. ભક્તિભાઈ પટેલ (રાણીપ)
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ
૧૪. પટેલ કોકીલાબેન (વડુ)
૧૫. પટેલ શિલ્પાબેન (દહેગામ)
૧૬. માણેકબેન (દહેગામ)
૧૭. વીણાબેન ભાવસાર (અમદાવાદ)
૧૮. અરવિંદાબેન ભાવસાર (અમદાવાદ)
૧૯. સાં. ભારતીબા (હવેલી)
૨૦. સાં. મંજુબા (હવેલી)
૨૧. કૈલાસબેન (દહેગામ)
૨૨. રેખાબેન પટેલ (ઊંઝા)
૨૩. સાકરબેન પટેલ (નાંદોલ)
૨૪. શર્મિષ્ઠાબેન સોની (અમદાવાદ)
૨૫. હસુબેન ઠક્કર (ઈશનપુર)
૨૬. વિઠ્ઠલપરા અમરશીભાઈ (નવસારી)
૨૭. ગીતાબેન (બાપુનગર)
૨૮. હર્ષદકોલોની સ્વામિનારાયણ મંદિર
૨૯. વર્ષાબેન સોની (અમદાવાદ)
૩૦. અશોકભાઈ પટેલ (વડુ)
૩૧. મીનાબેન સોની (નરોડા)

નોંધ : પ્રશ્નપેટી વિભાગના પ્રશ્નોના ઉત્તરો આપનાર પ્રેમી ભક્તજનો ને નમ્ર વિનંતી છે કે હવેથી જવાબો સ્વચ્છ અને સારા કાગળમાં હાસિયો છોડીને લખવા તથા એક કાગળમાં ફક્ત એકજ નામ હોવું જોઈએ. વધારે નામ હશે તો નામ પ્રકાશિત કરવામાં આવશે નહિ તથા પ્રશ્નોના જવાબો એક સરખા કાગળ તથા એક સરખા અક્ષરોથી લખેલા હોય છે તો તેવા પ્રશ્નોના જવાબોના નામ પ્રકાશિત કરવામાં આવશે નહિ.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન

વર્ષમાં એકવાર આવતો ધનુર્માસ શ્રીહરિના આશ્રિતો માટે વિશેષ ભજન ભક્તિ કરવાનો મહિનો. કારણ કે આ માસમાં જગતના વ્યવહારો-પ્રસંગો ઠપ થઈ જાય છે. જેથી ભગવાનનું ભજન સૌને માટે સુલભ બને છે. આપણા દરેક મંદિરોમાં પ્રાતઃકાળમાં આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહામંત્ર ધૂન કરવામાં આવે છે. આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને ધર્મવંશી ધર્મકુળ સમસ્ત પરિવારની શુભ નિશ્રામાં વહેલી સવારે ૫-૩૦ કલાકે મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉતારવામાં આવે. ત્યારબાદ સભા મંડપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં બિરાજમાન થાય. જેમાં આપણા દરેક પૂજ્ય સંતો અને શહેરના નાનામોટા હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેતા હોય છે. તેજ રીતે પ.પૂ. ગાદીવાળાશ્રીની હવેલીમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી નિયમિત ધૂનમાં પધારીને બહેનોને અલૌકિક સુખ આપે છે. અમદાવાદ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી ધનુર્માસ ધૂનનું સુંદર આયોજન કો. સ્વામી મુકુન્દ સ્વામી, વી.પી. સ્વામી, ડી.કે. સ્વામી, વિષ્ણુ સ્વામી આદિ સંત મંડળના માર્ગદર્શનથી પાર્ષદો અને યુવાન હરિભક્તો અને બાપુનગરના હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. આ પ્રસંગે ઘણા જ શ્રધ્ધાળુ હરિભક્તોએ આખા માસની અને ઘણા હરિભક્તોએ દૈનિક ધૂન નોંધાવીને અલૌકિક લાભ લીધો હતો. *(કલ્પેશ પટેલ)*

ચંદ્રાસણ ગામમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

શ્રીહરિ સમકાલીન નંદ પંક્તિના સંત પૂર્ણાનંદ સ્વામીના મોસાળનું ગામ ચંદ્રાસણ સાણંદ વિરમગામ રોડથી ઉત્તરમાં પાંચ કિલોમીટરના અંતરે આવેલું છે. સ્વામીનો જન્મ મોસાળમાં થયો હતો. અને ધામમાં પણ મોસાળમાંજ ગયા હતા. શ્રીજી મહારાજની માનુષી લીલાઓમાં ચંદ્રાસણ ગામના ભક્તોના કલ્યાણને માટે સ્વામીનું શેષ જીવન આ ગામમાં વિત્યું હતું. તેઓના હસ્તે હરિમંદિરનું નિર્માણ થયેલ. જે હાલમાં પણ છે. મહોલ્લામાં સ્વામીનું જીવન વિત્યું ત્યાં વરદાન આપેલ કે આ મહોલ્લામાં જે દેહ મૂકશે તે એકાદશીનો જ દિવસ હશે અને શ્રીજી મહારાજ પાંચસો પરમહંસો સહિત દર્શન આપીને તેડવા પધારશે. જે વચન આજે પણ સત્ય થઈ રહ્યું છે. જે ગઢવીના મહોલ્લામાં આજ સુધી કોઈનું અકાળે અવસાન થયું નથી અને એકાદશીના દિવસે જ ધામમાં જાય છે.

તા. ૨૬-૧૧-૨૦૦૮ ના દિવસે આ પરમપવિત્ર ચંદ્રાસણના ભક્તોના આમંત્રણથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સૌ પ્રથમ વાર અત્રે પધાર્યા. ગામના ભાવિકો દ્વારો સ્વાગત સામૈયા બાદ મંદિરમાં પધારી ભગવાનની આરતી ઉતારીને સભામાં રૂડા આશીર્વાદ આપ્યા.

સર્વે હરિભક્તોને મહારાજનો અને સ.ગુ. પૂર્ણાનંદ સ્વામી નો મહારાજ સાથેના દિવ્ય સંસ્મરણો ને યાદ કરાવ્યા હતા. અને સ્વામીએ અંતકાળે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે ત્રણ છોગલા વાળો મને લેવા આવશે તો જ ધામમાં આવીશ. અને ખરેખર સ્વયં મહારાજ તેડવા પધાર્યા. આ તો ભગવાનની લીલા છે. આ પ્રસંગનું આયોજન જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી તથા પૂજ્ય શ્યામચરણ સ્વામી આદિ સંતોએ કર્યું હતું.

આ ગામમાં અનિ.પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીની પધરામણી બાદ દીર્ઘ સમયબાદ વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા અને હરિભક્તો ચરણ સ્પર્શ દર્શન કરી ખૂબજ રાજી થયા હતા. *(ચિમનભાઈ પટેલ ભાતવાળા)*

હિંમતનગરનો ૧૯ મો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (મહંતશ્રી)ની પ્રેરણાથી હિંમતનગર મંદિરનો ૧૯ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી ખાસ પધાર્યા હતા. તથા ચિંતામણી ચમત્કારી મૂર્તિ શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક વિધિ કર્યો હતો. ત્યારબાદ અન્નકૂટની આરતી કરીને સભામાં પધાર્યા હતા. યજમાન અનિ. બાલુલાલ સોની પરિવારે (હડીયોલવાળા) પૂ. મહારાજશ્રીનું પૂજન કરીને આશીર્વાદ લીધા હતા. ટોરડા, સોકલી, અમદાવાદ, ઈડર, માણસા, પ્રાંતીજ વગેરે ધામોથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે મોટા મહારાજશ્રીએ પ્રસન્ન મુદ્રામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આભાર વિધિ યજમાન દેવેન્દ્રભાઈ સોનીએ કરી હતી. સભા સંચાલન મહંત સ્વામી હરિજીવનદાસજીએ સંભાળ્યું હતું. છેલ્લે મહાપ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

જેતલપુર ધામમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

જેતલપુર ધામમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રેવતીજી

બળદેવજી હરિકૃષ્ણ મહારાજના રૂડાં સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર મંદિરના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી અસલાલી ગામના સત્સંગી મહિલા મંડળ દ્વારા આયોજીત અને અસલાલીના પ.ભ. મણીભાઈ ભાઈલાલભાઈ પટેલ પરિવારના યજમાન પદે તા. ૪-૧૧-૨૦૦૮ તા. ૧૦-૧૧-૦૮ પ્રયન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેના વક્તાપદે શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિઊઁપ્રકાશદાસજીએ વિરાજીને પોતાની આગવી શૈલીમાં કથાશ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગે મહિલા મંડળના પ્રેમાગૃહથી પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા એમ સમગ્ર ધર્મકુળે પધારીને દર્શન આશીર્વાદનો મહા અલૌકિક લાભ આપ્યો હતો. પારાયણ પ્રસંગમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ અને રૂકમણી વિવાહ ખૂબજ ઉમંગભેર ઉજવાયા હતા. સાતેય દિવય યજમાન પરિવાર તરફથી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં મહંત કે.પી. સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. ધામોધામના સંતો અને યજમાન પરિવારના સગા સંબંધીઓએ પધારીને ખૂબજ સુંદર લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(પૂજારી ભક્તિ સ્વામી)

વિસનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

શ્રીહરિનું પ્રસાદીનું ગામવિસનગર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી અ.નિ.પ.ભ. દલપતભાઈ મંગળદાસ ભાવસારના સ્મરણાર્થે તેમના પરિવારના સુપુત્રી જાગૃતિબેન અને હસુમતીબેન તરફથી તા. ૨-૧૧-૦૮ થી ૮-૧૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શાસ્ત્રી ભક્તિનંદનદાસ ગુરુ પૂ.પી.પી. સ્વામી (જેતલપુરધામ) તથા સહિંતા પાઠના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા)ના વક્તાપદે થઈ હતી. કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ રૂકમણી વિવાહ ધામધૂમથી ઉજવાયા હતા. જેમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ પ્રસંગે યજમાન પરિવારના આમંત્રણથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોના ખાસ આમંત્રણથી પધારીને યજમાન પરિવારના બહેનોને દર્શન આશીર્વાદનું મહા અલૌકિક સુખ આપ્યું હતું. આ પ્રસંગે ધામોધામના સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. આ પ્રસંગે ગામના સમસ્ત હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. સૌ ભક્તજનોએ કથા શ્રવણ કરીને જીવન સુફળ બનાવ્યું હતું.

(મહંત સ્વામી કે.પી. સ્વામી)

શ્રીજી મહારાજના પ્રસાદીના કાણોતર ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર ધામના કથાકાર સંતવર્ય પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રીજી મહારાજના પ્રસાદીના અંતરિયાળ નળકાંઠાનું ગામ કાણોતર ખાતે તા. ૯-૧૧-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સૌ પ્રથમ ઘરોઘર પધરામણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. ત્યારબાદ તુલસી વિવાહ પ્રસંગે પધારીને યજમાન શ્રી મોતીભાઈ ભુરાભાઈ ભરવાડને આશીર્વાદ આપ્યા હતા. ત્યાંથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શિયાળ ગામે પધાર્યા હતા. જ્યાં પ.ભ. અરવિંદભાઈ કાનજીભાઈના નવા મકાનમાં પધરામણી કરીને તેમના પર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપી બગોદરા ગામે પ.ભ. રોહિતસિંહ મંગળસિંહ (બોરણાવાળા) ને ત્યાં (હાઈવેપર) પધરામણી કરીને આશીર્વાદ આપીને સ્વસ્થાન પધાર્યા હતા.

(મહંત કે.પી. સ્વામી જેતલપુર)

આપણી કેળવણી સંસ્થાના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (ટફ) સ્કુલની માધ્યમિક શાળા નારણપુરા ખાતે S.V.S. કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન ને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું હતું. સંસ્થાના માનદ્ મંત્રી શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.

આ વિજ્ઞાન મેળામાં પર જેટલી શાળાઓના કુલ ૧૧૦ વિદ્યાર્થીઓ અને ૫૫ શિક્ષકો એ ભાગ લીધેલ. આ પ્રસંગે ૨૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ અને ૫૦૦ જેટલા પેરન્ટસોએ વિજ્ઞાન મેળો નિહાળ્યો હતો.

(આચાર્યશ્રી, ટફ માધ્યમિક શાળા)

કપડવંજ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી તથા કો. સ્વામી મુકુંદપ્રસાદ દાસજી (ગઢપુર)ના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨૦-૧૧-૦૮ થી તા. ૨૨-૧૧-૦૮ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીહરિયાગ તથા ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના સુમધુર કંઠે સંપન્ન થઈ હતી. તા. ૨૨-૧૧-૦૮ ના શુભ દિને

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગ્રામજનોએ ખૂબજ ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રા યોજીને ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નૂતન મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજ, શ્રીનરનારાયણદેવની ચિત્ર પ્રતિમા તથા શ્રી ગણપતીજી અને શ્રી હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. જેના દર્શન હજારો ભક્તજનોએ કરીને ધન્ય ધન્ય બન્યા હતા.

ત્યારબાદ સભામાં પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં દરેક પ્રસંગના યજમાન પરિવારો અને ટ્રસ્ટી મંડળે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા.

આ ઉત્સવ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને હરિભક્તોને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામીના પ્રતિનિધિરૂપે તેમના શિષ્ય શા. ધર્મકિશોરદાસ, વડતાલ મંદિરના મુખ્ય કોઠારી બાપુ સ્વામી, કાંકરિયા મંદિરના મહંત સ્વામી આદિ વિદ્વાન સંતોએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

જેતલપુરથી મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, અમદાવાદથી સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી વગેરે સંતોએ મહોત્સવના પ્રથમદિને પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. સમગ્ર પ્રસંગના આયોજનમાં સ.ગુ. શા. મુકુન્દપ્રસાદ સ્વામી એ જાતદેખરેખ રાખીને પ્રસંગને શોભાવ્યો હતો. તેમની સાથે સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજી સેવામાં જોડાયા હતા.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે આપણે સૌ શ્રી નરનારાયણદેવના થઈને રહીશું તોજ આપણું કલ્યાણ થશે. અને દરરોજ મંદિરમાં દર્શન કરવાનું નિયમ રાખજયો. સભા સંચાલન સ.ગુ. શા. આનંદજીવનદાસજીએ સંભાળ્યું હતું. *(શા. ડી. કે. સ્વામી)*

લવારપુરમાં કથા-પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રેના અ.નિ. પ.ભ. કેશવલાલ બેચરદાસના સ્મરણાર્થે તા. ૪-૧૧-૦૮ થી તા. ૮-૧૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ શા.સ્વા. અભિષેકપ્રસાદદાસ ગુરુ શા.સ્વામી નારાયણવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પદે પ.ભ. દિલીપભાઈ કેશવલાલ પટેલ પરિવારે તમામસેવા આપી હતી. તા. ૮-૧૧-૦૮ના પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે ગ્રામજનોએ ભવ્ય શોભાયાત્રા કાઢીને ભાવભીનું સ્વાગત સામૈયું કર્યું હતું. પૂ. મહારાજશ્રી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ સાથે શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા ખાસ ભલામણ કરી હતી. બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપી બહેનો પર ખૂબજ રાજી થયા હતા. સભા સંચાલન શા. આનંદજીવનદાસે કર્યું હતું. *(સ્વા. ધર્મકિશોરદાસ)*

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નૂતન વર્ષના મંગલ દિને શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવીને અલૌકિક દર્શન કરાવ્યા હતા. દેવઉઠી એકાદશીના ચાતુર્માસની પૂર્ણાહુતિને અનુલક્ષીને ઠાકોરજી સમક્ષ વિવિધ શાકોની હાટડી ભરી પાંચ આરતી કરી ઉત્સવ ઉજવાયેલ. અહીંના મહંત સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં તુલસી વિવાહ

સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં તથા મહંત શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં તા. ૯-૧૧-૦૮ના રોજ ભવ્ય તુલસી વિવાહ યોજવામાં આવેલ. જેમાં ધામોધામના સંતો અને હજારો ભક્તજનોએ લાભ લીધો હતો. વરપક્ષના યજમાન નવયુવાન શ્રી જલ્પેશભાઈ નરેશભાઈ કામદાર તથા કન્યા પક્ષના યજમાન શ્રી નરેશભાઈ નટવરલાલ ભાવસારે લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ પ્રસંગે પધારીને સૌને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. *(ગોપાલ ભગત પૂજારી)*

વિહાર ગામે પારાયણ

શ્રીજી મહારાજના પ્રસાદીના વિહાર ગામે સર્વાવતારી શ્રીહરિની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળ પરિવારના અતિ રાજીપા અને આશીર્વાદથી તથા અ.નિ. જોગી સ્વામી યોગેશ્વરદાસજી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા પૂર્વ મહંતશ્રી) તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી અ.નિ. ચંચળબેન જોઈતારામપટેલ તથા અ.નિ. જોઈતારામપરસોત્તમદાસ પટેલના આશીર્વાદથી તેમના પુત્ર પ.ભ. કાંતિભાઈ જોઈતારામપટેલ પરિવાર (ઘનશ્યામકન્ટ્રકશન કું.) તરફથી વિહાર ગામે તા. ૨-૧૧-૦૮ થી તા. ૬-૧૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ યોજવામાં આવી હતી. જેના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી, સ.ગુ. શા.

સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને શા.સ્વા. અભયપ્રકાશદાસજીએ પોતાના સુમધુર કંઠે કથામૃતપાન કરાવ્યું હતું. સંહિતાપાઠના વક્તા સ.ગુ. શા.સ્વા. ભક્તિ સ્વામી (અમેરિકાવાળા) રહ્યાં હતા.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨-૧૧-૦૮ ના રોજ પધાર્યા હતા અને કથા શ્રવણ કરીને યજમાન પરિવાર અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

યજમાન અ.સૌ. લલીતાબેન કાંતિલાલ પટેલ અને સમસ્ત બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને ખૂબજ રાજી થઈ દર્શન આશીર્વાદ આપ્યા હતા. તા. ૬-૧૧-૦૮ના પૂર્ણાહુતિના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગ્રામજનોએ ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢીને ભવ્ય સામૈયું કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં યજમાન પરિવારના પ.ભ. કાંતિભાઈ, શ્રી અમૃતભાઈ, શ્રી ડાહ્યાલાલ, શ્રી પોપટલાલ, શ્રી બાબુલાલ, શ્રી જયંતીભાઈ, શ્રી સુરેશભાઈ તથા શ્રી કાંતિભાઈના પુત્રો અને પૌત્રો આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને અને યજમાન પરિવારને ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ સુંદર રીતે સંભાળ્યું હતું. આયોજન વ્યવસ્થામાં સ્વામી સૂર્યપ્રકાશદાસજી અને અમદાવાદ મંદિરના સંતો રહ્યા હતા.

(બ્ર. રાજેશ્વરાનંદજી શ્રી નરનારાયણદેવના પૂજારી)

વસઈ (ડાભલા) મંદિરમાં શાકોત્સવ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૧૨-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આવા અલૌકિક દર્શન કરી ભાવિક ભક્તો ખૂબજ ધન્ય બન્યા હતા. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે સુંદર આયોજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોની અમૃતવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્થાનિક અને બહાર ગામથી પધારેલા હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શનનો દિવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા. આ પ્રસંગે જમીયતપુરાના શા. ઘનશ્યામસ્વામી (માણસા મહંત) પ્રેરણારૂપ રહ્યાં હતા. *(રજનીભાઈ ભાવસાર)*

નવાવાડજ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી રોજ સવારના ૭ થી ૧૨ સમૂહ મહાપૂજા કરવામાં આવી હતી. ૧૦૧ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. જેના મુખ્ય યજમાન પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર રહ્યા હતા. તા. ૧-૧૨-૦૮ ના રોજ સવારે આપણા માન્ય શાસ્ત્રોની પારાયણ અને લીલા ચરિત્રોનું ગાન કીર્તન-ભક્તિ આદિ સમૂહમાં કરવામાં આવેલ. *(શંભુભાઈ પટેલ)*

બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસની પ્રેરણાથી તુલસી વિવાહનું સુંદર આયોજન કરવામાં આવેલ. શહેરના રાજમાર્ગો ઉપર ઠાકોરજીનો વરઘોડો કાઢવામાં આવેલ. ત્યારબાદ લગ્ન વિધિ થઈ હતી. જેમાં સંત-મંડળ અને હરિભક્તો જોડાયા હતા. સતત બે દિવસ હરિભક્તોને પ્રસાદની વ્યવસ્થા અને સર્વે હરિભક્તોને સભામાં સ્વામી વિશ્વસ્વરૂપદાસે તુલસી વિવાહ પ્રસંગનો મહિમા અને ધર્મકુળનું માહાત્મ્ય વર્ણવ્યું હતું. *(રમેશ ભગત)*

આપણા આગામી મેડીકલ કેમ્પો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવ પાટોત્સવ, કાંકરિયા મંદિર શહેર ચોર્યાસી અને આપણા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જન્મજયંતીના ઉપલક્ષમાં કુલ ૭ મેડીકલ કેમ્પ તા. ૨૨-૨-૨૦૦૯ ને રવિવારે રાખવામાં આવેલ છે.

(૧) હૃદયરોગ, ડાયા બિટીસ, બ્લડ પ્રેસરના રોગ માટે એમ.ડી. ફીજીશિયન ડૉકટરો સેવા આપશે.

(૨) પથરી, એપેન્ડીસ, કેન્સર, પેટનો દુઃખાવો, થાઈરોડ, હરસ-મસા માટે એમ.એસ. સર્જન સેવા આપશે.

(૩) હાડકાના રોગો માટે ઓથોપેડિક સર્જન સેવા આપશે. જેમાં ફેકચર, વા, શરીર અને હાડકાના દુખાવાની સારવાર.

(૪) સ્ત્રી રોગ માટે બહેનોને એમ.ડી. ગાયનેક લેડીઝ ડોકટર સેવા આપશે.

(૫) નાક, કાન, ગળાના દર્દ માટે ઈ.એન.ટી. સર્જન સેવા આપશે. (બહેરાસ, નાકના મસા, શરદી, કાકડાની સારવાર)

(૬) આંખના રોગો માટે ઓપ્થો. લોજીસ્ટ, સર્જન સેવા આપશે. (જેમાં મોતીયો, ઝામર અને આંખના નંબરની તપાસ).

(૭) ચામડીના રોગો માટે નિષ્ણાંત ડોકટરો સેવા આપશે. (જેમાં ખસ, ખરજવું, કોઢની સારવાર).

તમામરોગોની સારવાર અનુભવી નિષ્ણાંત નામાકિંત ડોકટરોની ટીમનિઃશુલ્ક સેવા આપશે. જેમાં કાડિયોગ્રામ-આંખના નંબર વગેરે ફ્રી માં કાઢી આપવામાં આવશે.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર,
રામબાગ, કાંકરિયા, મારૂતિહોલ, અમદાવાદ.
તા. ૨૨-૨-૨૦૦૯ સમય : સવારે ૯-૧૨
આયોજક : ડૉ. રમેશભાઈ પરીખ(કાંકરિયા, સ્વા. મંદિર)

રામપુરા ભંકોડા

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાના પુનિત પગલાંથી જે ભૂમિને પવિત્ર બનાવીને પ્રેમીભક્તો દ્વારા પથ્થર પર બેસી સ્નાન કરી તે પથ્થર પર ચટણી વાટી માખણ, બાજરીના રોટલાનું ભોજન કરેલ તે પ્રસાદીમય પથ્થરના દર્શન સાથે ધનુર્માસની સવારે ૫-૩૦ થી ૭-૦૦ આરતી ધૂન, કીર્તન, કથાવાર્તા સત્સંગી ભાઈ બહેનોએ કરીને સત્સંગનો અનેરો લ્હાવો લઈ પ્રભુને વિધ વિધ પકવાનોનો મીની અન્નકોટ ધરાવીને સર્વે પ્રસાદ લઈ ધન્યતા અનુભવે છે.

(અરજણભાઈ ગો. મોરી)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિર

કારતક સુદ-૧૫ દેવ દિવાળીના શુભ દિને અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શને પધાર્યા હતા.

આ પ્રસંગે સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં સંત-હરિભક્તોની વિશાળ સભા યોજવામાં આવી હતી. જેમાં મૂળી મંદિરના મહંત સ્વામી, અને વિદ્વાન સંતોએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી સર્વે સંત-હરિભક્તોને સાથે હળીમળીને મૂળી દેશના ગામોમાં સત્સંગની વિશેષ પ્રવૃત્તિ કરવા આજ્ઞા કરી હતી. ચરાડવા મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસે સભા સંચાલન સુંદર રીતે સંભાળ્યું હતું.

(ભરત ભગત)

સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૮-૧૧-૦૮ થી તા. ૧૪-૧૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ યોજવામાં આવી હતી. જેના વક્તાપદે સ.ગુ શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી અને સહિંતા પાઠના વક્તા શા. વિશ્વવિહારીદાસ રહ્યાં હતા. જેના યજમાન પ.ભ. રસિકભાઈ પ્રાગજીભાઈ ચંદારાણા રહ્યાં હતા. પાટોત્સવના યજમાન સાં. કમળાબા, સાં. કોકીલાબા અને ઉષાબાની પ્રેરણાથી પ.ભ. કીર્તિબેન કાંતિલાલ શાહે (કપડવંજવાળા) લાભ લીધો હતો.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ, અન્નકૂટ અને તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાયા હતા.

તા. ૧૪-૧૧-૦૮ ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ હરિયાગની પૂર્ણાહુતિ કરીને મુખ્ય પ્રવેશ દ્વારનું કુંભિ પૂજન અને છેલ્લે કથાની પૂર્ણાહુતિ કરીને સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી દર્શનાર્થે પધાર્યા હતા. પાટોત્સવ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. ભક્તિનંદનદાસે કર્યું હતું. સમગ્ર આયોજન શા. પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. પૂજારી વિશ્વસ્વરૂપદાસજી, ભક્તિ સ્વામી અને કનુ ભગતે સારી સેવા બજાવી હતી. બાળ સભાના બાળકો દ્વારા રાત્રી કાર્યક્રમ સુંદર રીતે થયો હતો. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મ સ્થાન બળોલ ગામે સત્સંગ સભા

શ્રીજી મહારાજના દિવ્ય ચરણોથી અંકિત અને સંપ્રદાયના મહાન કવિ સમ્રાટ સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મસ્થાન મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના સમસ્ત ધર્મકુળ આશ્રિત એવા ભાલ પંથકના બળોલ ગામે તા. ૨૫-૧૧-૦૮ ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સહિત પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ઉમળકા ભેર સ્વાગત કરીને ધર્મવંશીને વધાવ્યા હતા. બન્ને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. મૂળી મંદિરના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સુંદર સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે લીંબડીના ધારા સભ્ય અને માનનીય મંત્રીશ્રી કિરીટસિંહજી રાણા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના દર્શને પધાર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તેમનું સન્માન કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી (જેતલપુર)એ ભગવાનનું અને ધર્મકુળ માહાત્મ્ય કથામાં વર્ણવ્યું હતું. હરિભક્તોને ખૂબજ બળ મળ્યું હતું. અન્ય સંતોમાં મૂળીના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, શા. માધવ સ્વામી (ગઢપુર) અને મંત્રીશ્રી કિરીટસિંહજી રાણા અને લાભુભાઈ ખેરે ભગવાન સંબંધી વાતો કરી પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત ગ્રામજનોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સભા સંચાલન ચરાડવા મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસે શોભાવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદથી પૂ. શ્યામસ્વામી, વી.પી. સ્વામી, મૂળીથી સ્વા. લક્ષ્મીપ્રસાદદાસજી, અનુ સ્વામી, ચંદુ ભગત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. *(બૂટીયા રણછોડભાઈ)*

ટીંબા ગામે સત્સંગ સભા

તા. ૧-૧૨-૦૮ ના રોજ મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના ટીંબા

ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સંત હરિભક્તોએ ખૂબજ ઉષ્માભર્યું સ્વાગત સમૈયું કરીને ધર્મવંશીને વધાવ્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં પૂજ્ય પી.પી. સ્વામીના મધુર કંઠે સુંદર કથા શ્રવણ બાદ મૂળીના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી આદિ વિદ્વાન સંતોના પ્રેરક પ્રવચન થયા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગ્રામજનોને રૂડા આશીર્વાદ આપી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખીને કલ્યાણ સાધી લેવા ખાસ ભલામણ કરી હતી. આ પ્રસંગે મૂળીથી સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી વગેરે સંતો ઉપસ્થિત રહ્યા હતા. સભા સંચાલન શા. સ્વામી હરિપ્રકાશદાસે (ચરાડવા મહંત) કર્યું હતું.

(કોઠારી સ્વામી મૂળી)

વાંકાનેર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ખાત મુહૂર્ત

મૂળી શ્રી રાધાકૃષ્ણેદવ તાબાના વાંકાનેરમાં વિનાશકારી ભૂકંપમાં બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્વંશ થઈ ગયું હતું. જેના પુનઃ નિર્માણ માટે તા. ૯-૧૨-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખાતમુહૂર્ત પ્રસંગે પધાર્યા હતા. અને વેદ વિધિસર મંદિરનું ખાત મુહૂર્ત પોતાના વરદ્ હસ્તે કર્યું હતું. આ પ્રસંગે પ્રાસંગિક સભામાં મૂળીના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી અને સંત મંડળે મંદિર નિર્માણ માટે સૌને સેવા કરવા આહ્વાન કરતાં શ્રધ્ધાળુ હરિભક્તોએ સેવાનો પ્રવાહ વહેવડાવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બહેનોનું મંદિર વહેલાસર પૂર્ણ થાય અને સૌ ભક્તજનોને દર્શનનું સુખ અવિરત મળે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા. સ્વા. હરિપ્રકાશદાસે કર્યું હતું.

(ભરત ભગત)

લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી મહંત સાધુ ભક્તવત્સલદાસ અને હરિભક્તોએ સાથે મળી ધનુર્માસમાં મહામંત્ર ધૂન અને જનમંગલપાઠ કથાવાર્તા આદિ સુંદર રીતે કર્યા હતા.

(વંદનપ્રકાશદાસ)

ઘનશ્યામ નગર (તા. હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માગસર સુદ-૪ ના વચનામૃત પારાયણ અને કીર્તન ભક્તિ વગેરે હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા.

(ગોરધનભાઈ કણઝરીયા)

ઓલપાડ

શ્રીહરિના અલૌકિક ચરણોથી અંકિત એવી પવિત્ર ભૂમિઓલપાડમાં આપણા હાલાર દેશના હરિભક્તો ઘણા વરસોથી સ્થાયી થયા છે. જેમને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વેની નિષ્ઠા ભારોભાર દરેકના હૃદયમાં છે. પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દર ગુરુવારના અલગ અલગ હરિભક્તોને ત્યાં સત્સંગ સભાનું આયોજન કરી મૂળ સંપ્રદાય અને બે દેશની ગાદીનું માહાત્મ્ય મહિમા સહિત સમજાવાયછે.

(વિવેક વરૂ, ઓલપાડ)

વિદેશ સત્સંગ સમાચાર

ચેરિહીલ શ્રી સ્વામિનારાયણ મંદિર (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત શા. વિશ્વપ્રકાશદાસની પ્રેરણાથી આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ વિજયા દશમીના શુભ દિને ધામધૂમથી ઉજવાયો હતો. મહંત શા. વિશ્વપ્રકાશદાસે ધર્મકુળનો મહિમા સુંદર રીતે સમજાવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કેક કાપીને જન્મોત્સવ તાલીઓના ગડગડાટ અને હૃદયની ઉર્મિઓ સાથે મનાવ્યો હતો. સૌ હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. અત્રે શરદોત્સવ પણ ઠાકોરજી સમક્ષ વાસણોની સુંદર સજાવટ કરી કીર્તન ભક્તિ સાથે સ્વામીએ શરદ પૂર્ણિમાનું માહાત્મ્ય કહ્યું હતું. નૂતન વર્ષના નિજ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી રેવતી બળદેવજી, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ દેદિપ્યમાન અન્નકૂટ ધરાવવામાં આવેલ. બપોરે ૧૨-૦૦ કલાકે અન્નકૂટ આરતીના દર્શન હજારો હરિભક્તોએ કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરથી પૂ. ધ્યાની સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. સંત હરિભક્તોએ તેમનું સુંદર સ્વાગત કર્યું હતું. સભામાં સ્વામીએ સૌને નૂતન વર્ષના રૂડા આશીર્વાદ આપ્યા હતા. શા. વિશ્વપ્રકાશદાસે અન્નકૂટ મહિમા સમજાવ્યો હતો. અન્નકૂટનો પ્રસાદ સૌને વહેંચાયો હતો. મંદિરના પ્રેસિડેન્ટ શ્રી રાજુભાઈ (વડુવાળા)એ આભાર વિધિ કરી હતી.

(કાર્તિક પટેલ, વડુવાળા)

અમેરિકા અને કેનેડા ટોરન્ટોમાં આપણી 'સેવા' સંસ્થા દ્વારા મેડીકલ હેલ્થ ફેરનું આયોજન

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આઈ.એસ.એસ.ઓ. સેવા મેડીકલ હેલ્થ ક્લિનિક તરફથી બોસ્ટન આપણા મંદિરમાં બોનમેરોનું ચેકઅપ કરી જાણીતા ડોકટરો એ અમૂલ્ય સેવા આપી હતી. જેમાં સેંકડો દર્દીઓએ લાભ લીધેલ. કેનેડા ટોરન્ટો આપણા મંદિરમાં અનેક રોગોના નિદાન માટે ડોકટરોએ સેવા આપી હતી. જેમાં ૫૪ પેશન્ટોએ (ફ્રી) સેવા લીધી હતી.

પારસી પેની ન્યુજર્સી મંદિરના ભૂમિપૂજન પ્રસંગે પ.પૂ. મોટા

મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની શુભ ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પ હેલ્થ ફેર નું આયોજન થયું હતું. જેમાં ડોકટરની ટીમોની સેવા નિહાળીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈને આશીર્વાદ આપ્યા હતા. આમ આપણી સેવા સંસ્થા દ્વારા આપણા આઈ.એસ.એસ.ઓ. ના દરેક ચેપ્ટરોમાં ત્યાંના સ્થાનિક ડોકટરો વિના મૂલ્યે સેવા આપે છે.

આમ પણ I.S.S.O. સેવાના સભ્યકે સ્વેચ્છીક કાર્યકર બની શકો છો. seva@issoseva.ong ઉપર એક ઈમેઈલ કરીને.

(પ્રવિણભાઈ શાહ)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નૂતન વર્ષના મંગલ દિને ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરને રોશનીથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. અત્રેના મહંત સ્વામીએ દિવાળી અને અન્નકૂટનું માહાત્મ્ય અંગ્રેજીમાં સમજાવ્યું હતું. અત્રે ૧૦૮ દિવડાના પ્રકાશમાં મહંત સ્વામીએ ઠાકોરજીની આરતી ઉતારી સુંદર દર્શન કરાવ્યા હતા. શ્રી રોહિતભાઈ પંડ્યાએ વિધિવત ચોપડા પૂજન કરાવ્યું હતું.

સાંજના સમયે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. બિન્દુ રાજા, શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમાર દર્શનાર્થે પધાર્યા હતા. અને સૌ બહેનોને દર્શન આશીર્વાદ આપી અતિ રાજી થયા હતા.

પ્રબોધિની એકાદશીના ભવ્ય તુલસી વિવાહ યોજવામાં આવેલ. યજમાન પરિવારોએ સુંદર મહા લાભ લીધો હતો. તુલસીજી અને ભગવાનની આરતીના દર્શન માટે અનેક ભક્તો ઉમટ્યા હતા. મહંત સ્વામીએ સુંદર રીતે તુલસી વિવાહનું માહાત્મ્ય અંગ્રેજીમાં સમજાવ્યું હતું. અહીં દર પૂનમના ઘણા શ્રધ્ધાળુ ભક્તો પોતાના ઘરેથી ચાલતા-દર્શને આવે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ ઉત્તરોત્તર વધતી જાય છે. *(પ્રવિણભાઈ શાહ)*

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O., U.S.A.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૨ ઓકટોમ્બરના રવિવારના સાંજના ૩-૩૦ થી ૮ સર્વનાપાર્ક કોમ્યુનિટી સેન્ટર હોલમાં સત્સંગ સભામાં કથા વાર્તા-કીર્તન ભક્તિ નિત્ય નિયમ થાળ આરતી આદિ સમૂહમાં કરવામાં આવેલ. સિધ્ધેશ્વર સ્વામીએ બોસ્ટન મંદિરથી સેલફોન દ્વારા માઈકમાં વચનામૃત ૪૮ અને ૬૪ નું કથાનું રસપાન કરાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ દિન વિજયા દશમીના રોજ તેઓશ્રીની તસવીરનું પૂજન કરી આરતી ઉતારીને સભામાં ધર્મકુળનું માહાત્મ્ય સમજાવવામાં આવ્યું હતું.

૨૫ મી ઓકટોમ્બરના શનિવારે સાંજના ૫-૪૫ થી ૮-૪૫ સુધી વર્જીનીયા સ્ટેટના હરન્ડનમાં કલબ હાઉસ કોમ્યુનિટી હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં (૨૭૩) વચનામૃત કથા-કીર્તન ભક્તિ થાળ-આરતી અને નિત્ય-નિયમ કરવામાં આવ્યા હતા. ૨જી નવેમ્બરના ૩ થી ૮ રવિવારે શ્રીહરિ સમક્ષ અન્નકૂટ ધરાવીને ભજન-કીર્તન કરવામાં આવ્યા હતા. ન્યુજર્સીથી વ્રજવલ્લભ સ્વામીએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનું માહાત્મ્ય વચનામૃત ૪૮ અને ૬૪ માંથી સમજાવીને પૂજામાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ દરેક હરિભક્તે રાખવી અને નિત્ય પૂજા-આરાધના કરવા ખાસ સમજાવ્યું હતું. હરિભક્તો મોટી સંખ્યામાં સત્સંગનો લાભ લઈ રહ્યા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીની કૃપાથી સૌને સત્સંગનું ખૂબ બળ મળે છે. *(કનુભાઈ પટેલ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)

અત્રે લેસ્ટર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી તથા શા.સ્વા. કેશવચરણદાસ તથા શા. ઘનશ્યામદાસજીની પ્રેરણાથી તા. ૭-૧૨-૨૦૦૮ના રોજ ૪ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન રાખવામાં આવી હતી. અ.નિ. શ્રી દામજીભાઈ જેરામભાઈ કાચાના સ્મરણાર્થે તેમના પરિવારે યજમાન બની લાભ લીધો હતો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. *(મંત્રી કાનજીભાઈ માલવી)*

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ (I.S.S.O., U.K.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા સ્ટ્રેધામ મંદિરમાં દિવાળીના ચોપડાપૂજન, નૂતન વર્ષના વિવિધ વાનગીઓનો અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવેલ. જેના દર્શન મોટી સંખ્યામાં હરિભક્તોએ કર્યા હતા. તા. ૯-૧૧-૦૮ ના અહીં તુલસી વિવાહનું સુંદર આયોજન થયું હતું. જેમાં તુલસી માતાના યજમાન પ.ભ. હસમુખભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર તથા શ્રી વિષ્ણુ ભગવાનના યજમાન પ.ભ. મનુભાઈ ડાહ્યાભાઈ વાળંદ પરિવાર રહ્યા હતા. ખૂબજ ધામધૂમથી તુલસી વિવાહ ઉજવાયો હતો. દર્શનાર્થીઓએ દર્શનનું સુખ લઈ આનંદ વિભોર બન્યા હતા.

(જયેશ વાધેલા)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

અહીં સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. સભામાં બાળકો એ કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમકર્યો હતો. શ્રી ઘનશ્યામભાઈએ અન્નકૂટનું માહાત્મ્ય સમજાવ્યું હતું. ૪૦૦ જેટલા હરિભક્તો આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ પ્રસંગના યજમાન માયાબેન મહેન્દ્રભાઈ અમીન પરિવાર તથા પ.ભ. બિપીનભાઈ મીસ્ત્રી પરિવાર રહ્યાં હતા.

તા. ૯-૧૧-૦૮ એકાદશીની સભા શ્રી મુકેશભાઈ અમીન પરિવાર તરફથી થઈ હતી. તા. ૧૬-૧૧-૦૮ના રોજ તુલસી

વિવાહનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં શ્રી પરેશભાઈ જુક્કણી વરપક્ષના યજમાન અને પ.ભ. કેતનભાઈ મહેતા પરિવાર તુલસી માતાના યજમાન બન્યા હતા. સર્વે હરિભક્તોએ તુલસી વિવાહના દર્શન કરીને ધન્ય ધન્ય થયા હતા. *(તેજસ બી. પટેલ)*

પર્થ ઓસ્ટ્રેલીયા

અત્રેના આપણા શ્રી નરનારાયણદેવ ગાદીના કચ્છના આપણા નિષ્ઠાવાન હરિભક્તો અધ્યક્ષશ્રી કાંતિલાલભાઈ વિશ્રામગોપાલ પિંડોરીયા, મંત્રીશ્રી, ખજાનચી, ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક સમિતિના સભ્યો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને નમ્ર પ્રાર્થના સાથે જણાવે છે કે,

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને આપશ્રીના આશીર્વાદથી સૌ હરિભક્તો સાથે મળી આપણી પ્રણાલિકા મુજબ ભજન કીર્તન કરીએ છીએ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર સભામાં વંચાયો હતો. હરિભક્તો ખૂબજ ભાવ વિભોર થઈ ગયા હતા. બીજું આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જન્મદ્વિશતાબ્દી 'ધર્મકુળ વંદના મહોત્સવ' ની જાહેરાત સભામાં કરવામાં આવી હતી. આ ઉત્સવ ઉજવવાનું સાંભળી હરિભક્તો ખૂબજ રાજી થયા છે. અહીંયા આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવીએ છીએ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી સૌ હરિભક્તોને એવા આશીર્વાદ આપશો કે સૌને સત્સંગનું બળ મળે તેવી પ્રાર્થના.

નૂતન વર્ષના સાંજે ૬ થી રાત્રીના ૧૦ સુધી અન્નકૂટ ઉત્સવનું ભવ્ય આયોજન મોરલી વિસ્તારમાં લેસ હેન્સમેન હોલમાં કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ભજન-કીર્તન ધૂન, *થાળ, આરતી અને નિત્ય નિયમ કર્યા હતા. ઠાકોરજીનું સિંહાસન* રોશનીથી દેદિપ્યમાન શોભતું હતું. હરિભક્તો દ્વારા ઠાકોરજી માટે વિવિધ વાનગીઓ ખૂબજ પવિત્રતાથી બનાવીને ધરાવવામાં આવેલ. ચડાવો કરીને યજમાન નક્કી થયા હતા.

અહીં સૌ પ્રથમવાર તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી હરિભક્તોમાં આનંદની કોઈ સીમા ન હતી. અત્રે આપણું શિખરબધ્ધ મંદિર વહેલાસર થાય તેવો આપણા સૌ હરિભક્તોનો સંકલ્પ શ્રીજી મહારાજ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જરૂરથી પૂર્ણ કરશે તેવી સૌને શ્રધ્ધા છે.

તુલસી વિવાહમાં વરપક્ષના યજમાન પ.ભ. ધનજી નાનજી હાલાઈ (મેઘપર કચ્છ) પરિવાર તથા કન્યા પક્ષના યજમાન પ.ભ. હીરજી કાનજી વેકરીયા (બળદીયા કચ્છ) પરિવારે લાભ લીધો હતો. લગ્ન પ્રસંગ લગ્ન ગીતોની રમઝટ સાથે ભવ્યતાથી ઉજવાયો હતો. બહેનોમાં ખૂબજ ઉત્સાહ ઉમંગ સમાતો નહોતો. યજમાનો તરફથી દર્શનાર્થીઓને પ્રસાદ જમાડવામાં આવેલ. સવારના ૭ થી બપોરના ૨-૦૦ સુધી અવરિત કાર્યક્રમ ચાલુ હતો.

સમગ્ર કાર્યક્રમમાં પ્રમુખશ્રી કાંતિલાલભાઈ ગોપાલ તથા મંત્રીશ્રી મનજીભાઈ ભંડેરી માર્ગદર્શક અને પ્રેરણારૂપ રહ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ખૂબજ સારો થાય છે.

(મંત્રીશ્રી, પર્થ સત્સંગ સમાજ, કાર્યવાહક સમિતિ)

ધર્મવંશીની કૃપા-પરચો

આમ તો આપણા મૂળ સંપ્રદાય અને તેમાંય શ્રી નરનારાયણ દેવ ગાદી સ્થાન અંતર્ગત અવાર-નવાર પરિપક્વ નિષ્ઠાવાળાને હૃદયગત નવું જીવન મળવું, અકસ્માતથી રક્ષા, વ્યવહારમાં અણધાર્યું પરિણામ. પુત્ર પ્રાપ્તિ જેવા અનેક પ્રસંગોના આપણે સૌ સાક્ષી છીએ. જગ જાહેર સભામાં ધર્મવંશી પ.પૂ. મોટા મહારાજશ્રી સત્સંગના નવ લોહીયા નિષ્ઠાવાન હરિભક્તને કેન્સર જેવા મહારોગની મુક્તિ માટે સર્વોપરિ શ્રી નરનારાયણદેવ સારૂ કરશે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ. અને ડૉકટરના રિપોર્ટ સાવ નોર્મલ આવે. એ તો શ્રીજી મહારાજના પુત્ર અને શ્રી નરનારાયણદેવના ગાદીપતિ જ કહી શકે. અને તેજ કરી શકે. તેમની સામર્થીનો સામાન્ય જીવને શું ખ્યાલ હોય!

વર્ષોથી શિકાગો વસેલા (મૂળ આપણા વડુ ગામના) પ.ભ. શશીબા નારણભાઈ પટેલ ના જીવનમાં જે ઘટના બની તે ખરેખર સમજવા કરતા જીવનમાં ઉતારવા જેવી છે. .પણ મૂળ કારણ તેમની દેવ અને આચાર્ય મહારાજશ્રી પરત્વેની અદ્‌ભુત નિષ્ઠા છે. (શિકાગોથી ૧૦ વરસ પહેલા બ્રિટિશ એરવેઝમાં યુ.કે.ના હિથ્રો એરપોર્ટ પર સાવ એકલા અટુલા અને ત્યાંથી મુંબઈની ફલાઈટ પકડવી અને ત્યાંના ઈમીગ્રેશનની આંટીઘૂંટીમાં એક મુસ્લિમ મદદે આવે, તેમાંય મુંબઈ ફલાઈટ મોડી પહોંચી જેથી અમદાવાદની ફલાઈટ ચૂકી ગયા. સાંજની ફલાઈટમાં મેળ પડે તેમ નહોતો. તેમના *જમાઈ વલસાડથી મુંબઈ લેવા આવેલા. તે તો મૂંઝાઈ ગયા.* તેમાં અનાયાસે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે કેનિયાથી મુંબઈ ઉતર્યા હતા. એરપોર્ટ પર શશીબાને દૂરથી દર્શન થયા. તેમના જમાઈ દર્શને ગયા અને સમગ્ર હકીકત જણાવી. પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે અમારી ફલાઈટમાં તેમની ટિકિટ કન્ફોમ થઈ જશે. ચિંતા કરશો નહીં. બધાના આશ્ચર્ય વચ્ચે તેમને અન્ય કોઈની એક ટીકીટ કેન્સલ થઈ અને બીજી ટિકિટ વાળા લેટ થવાથી બન્નેની ટિકિટ OK થઈ અને સુખરૂપ ઘરે પહોંચ્યા.

બીજી ઘટના તેમને એક વરસ પહેલા શિકાગોમાં શરીરે કાંઈ તકલીફ થતા ચેકઅપ કરાવતા કેન્સરનું નિદાન થયું. આવા મહારોગનું નામ સાંભળતા હાજા ગગડી જાય. પણ શશીબાને સર્વોપરિ શ્રીજી મહારાજ અને તેમના પુત્ર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં અપાર-શ્રધ્ધા અને અતૂટ આત્મવિશ્વાસ અને અનહદ નિષ્ઠા હતી. જેથી ઘરના સૌને કહ્યું કે હું જઈશ તોય ભગવાનના ધામમાં જ જઈશ પણ મારે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં એક લાખ રૂપિયાની સેવા કરવાની તીવ્ર ઈચ્છા છે. અને શ્રી નરનારાયણદેવ અમદાવાદ અને જેતલપુરધામ આદિ થાળ-રસોઈ આપવાની છે. તે

પુરી કરજો. પણ તેમને અડગ વિશ્વાસ કે મને શ્રીજી મહારાજના સાક્ષાત્ દર્શન મોટા મહારાજશ્રીમાં થાય છે. અને તેઓ સાક્ષાત્ શ્રીજી મહારાજનું સ્વરૂપ છે. જેથી તેઓ મારી રક્ષા કરશે. અંતરનો આર્તનાદ પ.પૂ. મોટા મહારાજશ્રીને સંભળાયો હશે ! તોજ ડોકટરોના ઓપરેશન બાદ નોર્મલ રિપોર્ટ આવવો એ અમેરિકન ડોકટરને માટે સમજવું અઘરૂ હતું. પણ અહીં ખરેખર એવું જ બન્યું છે. હમણાંજ શશીબા અને પ.ભ. નારણભાઈ બન્ને શિકાગોથી પૌત્રના લગ્ન પ્રસંગે અમદાવાદ આવ્યા અને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવના દર્શન કરી થાળ રસોઈ કરાવીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા આપવા ગયા અને પ.ભ. નારણભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીને સમગ્ર હકીકત જણાવીને આશીર્વાદ લીધા. તમે નજીકમાં હોતો હાલ વાડજમાં શશીબાને મળજો. અને થોડા સમય બાદ શિકાગો જશે ત્યારે ત્યાં વસતા હરિભક્તો આપણા મંદિરમાં મળજો. ત્યારે તમને ધર્મકુળની અપાર નિષ્ઠાના પરચા પ્રત્યક્ષ જાણવા મળશે. આવા તો આપણા પૂ. મહારાજશ્રીના અપાર પરચા જોયા છે. સાંભળ્યા છે અને પ્રત્યક્ષ નિહાળ્યા છે.

(પ્રવિણભાઈ પટેલ, વડુવાળા)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તિથિ	રસોઈ આપનારનું નામ	ગામ
કારતક સુદ-૧	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
કારતક સુદ-૨	પ.ભ. ડૉ. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ	સાપાવાડા
	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
	અ.નિ. નટવરલાલ સોમચંદ મોદી	અમદાવાદ
કારતક સુદ-૪	અ.નિ. નટવરલાલ સોમચંદ મોદી	અમદાવાદ
	પ.ભ. દેવજી હરજી રાબડીયા	માંડવી કચ્છ
	સાંખ્યયોગી મંજુબા	અમદાવાદ
કારતક સુદ-૫	પ.ભ. મહેશભાઈ ડાહ્યાભાઈ	દેઉસણા
	પ.ભ. ધર્મિષ્ઠાબેન ચિમનભાઈ પરિવાર	અમદાવાદ
કારતક સુદ-૬	અ.નિ. નટવરલાલ સોમચંદ મોદી	અમદાવાદ
કારતક સુદ-૭	પ.ભ. લાલજી કરસન કોઠારી	ગાંધીધામ
	પ.ભ. કોકીલાબેન પટેલ (હ. વી.પી. સ્વામી)	
કારતક સુદ-૮	પ.ભ. પટેલ રમેશભાઈ ભોળીદાસ	નવાવાડજ
કારતક સુદ-૯	પ.ભ. નરેન્દ્રકુમાર જોઈતારામ મારફતીયા	અમદાવાદ
કારતક સુદ-૧૦	પ.ભ. હંસાબેન ખોડાભાઈ પટેલ	અમદાવાદ
કારતક સુદ-૧૨	પ.ભ. ચિંતનભાઈ પોપટભાઈ પટેલ (હ. ધર્મસ્વરૂપ સ્વામી)	સલાલ
	પ.ભ. કાંતિભાઈ પરસોત્તમદાસ પટેલ (અમેરિકાવાળા)	રાજપુરવાળા
	પ.ભ. કુંવરબાઈ શામજી હીરાણી	મીરજાપુર (કચ્છ)
	પ.ભ. માનબાઈ કાનજી	સુખપર (કચ્છ)
કારતક સુદ-૧૪	પ.ભ. ધીરૂભાઈ તથા બટુકભાઈ પટેલ (કૈલાસપાર્ક)	હિરાવાડી
કારતક સુદ-૧૫	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
કારતક વદ-૭	પ.ભ. અલ્કાબેન એમ. પટેલ	
કારતક વદ-૧૨	પ.ભ. વેલજીભાઈ પરસોત્તમભાઈ પટેલ (હ. વી.પી. સ્વામી)	
	પ.ભ. રંજનબેન છોટાલાલ સોની (હ. જયંતીભાઈ ભાવસાર)	
	પ.ભ. પ્રેમજી હરજી હિરાણી	ગોધરા માંડવી-કચ્છ
કારતક વદ-૧૪	પ.ભ. રાકેશકુમાર મુળચંદભાઈ પટેલ	રાણીપ
કારતક વદ-૩૦	પ.ભ. કાનજી હરજી નાથા વરસાણી	સામત્રા-કચ્છ

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૦૧-૦૦ શ્રી મીનાબેન જગદીશભાઈ પરમાર ચિ. ભત્રીજો વિશાલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ડોકટર થયો તે નિમિત્તે	નાઈરોબી (ધૂળકોટવાળા)
૧૦૦-૦૦ શ્રી નવિનભાઈ વસંતલાલ પાંચોટીયા ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦ શ્રી અંકિત નટવરભાઈ એ. પટેલ ઈસરોમાં ટ્રેનીંગમાં નંબર લાગ્યો તે નિમિત્તે	વડુ
૧૫૧-૦૦ શ્રી મહાદેવભાઈ મોહનભાઈ પટેલ ચિ. વિશાલને ત્યાં પુત્રી ઝુલુના જન્મ દિન નિમિત્તે	બોપલ
૧૦૧-૦૦ શ્રી ધ્રુવીતા પંકજભાઈ માંડલીયા પુત્રીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્લોક પંકજભાઈ માંડલીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ગીતા પંકજભાઈ માંડલીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અનુપ એ. પટેલ ફીજીયોથેરાપીની ડીગ્રી મળી તે નિમિત્તે	ચાંદખેડા
૧૧૦-૦૦ ડૉ. બી. એમ. ભાવસાર ચિ. પાર્થને સારું થયું તે નિમિત્તે	કુકડીયા
૧૦૦-૦૦ શ્રી પલક ભાવિન મહેતા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભાવિન હસમુખલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૦૦-૦૦ શ્રી ભરતભાઈ કે. દેસાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	મહેન્દ્રનગર
૧૦૧-૦૦ હિત જિજ્ઞેશકુમાર પટેલ જન્મદિન નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી મુક્તિબેન દિનેશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	લાલોડા
૧૫૧-૦૦ શ્રી નવિનચંદ્ર નાનદાસ પટેલ અમેરિકા ગયા તે નિમિત્તે	મોખાસણ
૧૦૦-૦૦ શ્રી ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૫૧-૦૦ શ્રી કરશનભાઈ એસ. પ્રજાપતિ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નિશિત જયેશકુમાર ગજજર ધો-૧૦ માં સારા ગુણે પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભાવિન તથા ધવલભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦ શ્રી કમલેશકુમાર બાબુલાલ દરજી ચિ. રોનકના સગપણ નિમિત્તે	સાણંદ
૧૫૧-૦૦ શ્રી વત્સલકુમાર નિતીનભાઈ જોશી શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૦-૦૦ શ્રી રતિલાલ ધરમશી ચોટલીયા ચિ. ભૂપેન્દ્રની પુણ્ય તિથિ નિમિત્તે	મુંબઈ
૧૦૫-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર નટવરભાઈ પટેલ ચિ. ચાર્મીના જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૫૧-૦૦ શ્રી અંકિતાબેન મનુભાઈ પટેલ ઓસ્ટ્રેલીયામાં કાયમી જોબ મળી તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦ શ્રી રીટાબેન તથા જીજ્ઞાબેન બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ મુંબઈ
૧૦૦૧-૦૦ શ્રી વિમળાબેન ગોકળદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુબડથલ

૧૦૧-૦૦ શ્રી નરનારાયણદેવ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂણસા
૧૦૦-૦૦ શ્રી રમેશ જીવરાજભાઈ વરૂ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૦-૦૦ શ્રી વિજય રાઘવજી પોરીયા ચિ. અરમાનના જન્મ નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી અંબાબેન રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૦-૦૦ પાર્થ અતુલભાઈ પટેલ ધો.-૧૦ માં ૮૩% આવ્યા તે નિમિત્તે	ઉનાવા
૧૦૦-૦૦ શ્રી અતુલભાઈ શામળદાસ પટેલ નોકરી મળી તે નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી ચિંતનભાઈ વસંતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી સંદિપ ધીરૂભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વહેલાલ
૧૦૦-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ નવું સ્પ્લેન્ડર બાઈક લીધું તે નિમિત્તે	રાયણીયા
૧૦૦-૦૦ શ્રી કૈલાશબેન સોમાભાઈ પટેલ પૌત્રીની જન્મ પ્રસંગે	વિહાર
૧૦૦-૦૦ શ્રી ભારતી જીતેન્દ્ર વડોદરીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામજયંતીલાલ વડોદરીયા જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી સંજીવ - કપિલ ઘેર પુત્રીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૦૧-૦૦ શ્રી સુશીલાબેન નારણભાઈ મણીયાર ભાવસારના સ્મરણાર્થે (હ. શ્રી ધર્મેન્દ્રભાઈ)	મુલુન્ડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ કાવ્ય કુમાર કાંતિલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	સાંગલી
૧૦૧-૦૦ શ્રી સુજલ કેતનકુમાર મોદી ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	મહેસાણા
૧૫૧-૦૦ શ્રી ખીમજીભાઈ નાનજીભાઈ પરમાર મીતાબેનને નોકરી મળી તે નિમિત્તે	બારડોલી
૧૦૧-૦૦ શ્રી ગોકળભાઈ સવજીભાઈ પટેલ ચિ. ભાવિકની સગાઈ નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી ભરતભાઈ પ્રહલાદભાઈ પટેલ અને ભાવનાબેન ભરતભાઈ પટેલ અમરનાંથ યાત્રા નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી ભાવેશ ભરતભાઈ પટેલ વેગનઆર ગાડી લાવ્યા તે નિમિત્તે	મોટેરા
૧૦૦-૦૦ શ્રી શૈલેષકુમાર ટી. પટેલ (વડુવાળા) નવું એકટીવા લીધું તે નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦ શ્રી જયંતીલાલ લાલજીભાઈ પટેલ ૫૦ વર્ષ પુરા થયા તે નિમિત્તે	(દેવપુરાવાળા)
૧૫૧-૦૦ અનિ. પરાગભાઈ નટવરભાઈ પટેલ (તા. ૨૦-૧૧) ત્રીજી વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી કાન્ત રમણભાઈ મોદી શુભ લગ્ન પ્રસંગે	હિંમતનગર
૧૦૧-૦૦ શ્રી હિતેષકુમાર ઘનશ્યામભાઈ સોની પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જયંતીલાલ માનસંગભાઈ મકવાણા ચિ. પ્રતિકની સગાઈ નિમિત્તે	લીંબડી
૫૦૦-૦૦ શ્રી શશીબેન નારાણભાઈ પટેલ શિકાગોથી અમદાવાદ સુખરૂપ આવ્યા તે નિમિત્તે	વડુવાળા (અમેરિકા)
૧૦૧-૦૦ શ્રી ક્રિશ ઘનશ્યામભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	(સીતાપુરવાળા)
૧૦૧-૦૦ શ્રી વિકાસ ભાસ્કરકુમાર બારૈયા નવું એ.સી. લાવ્યા તે નિમિત્તે	ઉંઝા
૨૦૨-૦૦ શ્રી આત્મારામભાઈ કાનદાસ પટેલ તેમના માતુશ્રી અમથીબાના સ્મરણાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી પરાગ ઘનશ્યામભાઈ પટેલ તેમના ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	કનીપુરવાળા મણીનગર
૧૫૧-૦૦ શ્રી સંદિપકુમાર પ્રવિણભાઈ પટેલ લંડન ગયા તે નિમિત્તે	અલીણા
૧૦૧-૦૦ શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ નોકરી મળી તે નિમિત્તે	જેતલપુર
૧૫૧-૦૦ શ્રી પ્રદિપ રતિલાલ ઠક્કર ઘર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે	રાણીપ
૧૦૦-૦૦ શ્રી અંકિત રમેશભાઈ પટેલ લગ્ન પ્રસંગે	લક્ષ્મણપુરા
૨૫૧-૦૦ શ્રી હાર્દિક ભદ્રેશભાઈ પટેલ લંડન ગયા તે નિમિત્તે	નાંદોલ
૫૦૧-૦૦ શ્રી ધનસુખ દામજી પોરીયા ચિ. પુત્રી પ્રજ્ઞાના લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે તા. ૧૧-૧૨-૦૮	(ધૂળકોટ) મુંબઈ
૧૦૧-૦૦ શ્રી રિધ્ધિબેન અશ્વિનભાઈ પટેલ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૫૧૦૧-૦૦ શ્રી રાજેશ માધવજી પરમાર સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળની પ્રસન્નાર્થે	ધૂળકોટ (હાલ અમેરિકા)
૧૦૦-૦૦ શ્રી જયવદન ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા

શ્રી સ્વામિનારાયણ

૧૦૧-૦૦ શ્રી અનીતાબેન મુકેશભાઈ પટેલ ચિ. કુશલની વર્ષગાંઠ નિમિત્તે	વાવોલ
૧૦૧-૦૦ શ્રી જગદીશકુમાર બળદેવભાઈ પટેલ ન્યુઝીલેન્ડના વિઝા મળ્યા તે નિમિત્તે	વડુ
૧૦૧-૦૦ શ્રી કૌશલ નાનુભાઈ તરેટીયા (ટ્રેન્ટવાળા) અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	નારણપુરા-અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સોનલ તુષારભાઈ નટવરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામલાલ માણેકલાલ ભાવસાર ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિનયકાન્તભાઈ હીરાભાઈ પટેલ અ.સૌ. શારદાબેન વિનયકાન્ત પટેલના સ્મરણાર્થે	(સોજીત્રાવાળા)
૧૦૧-૦૦ દરબાર ધી ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ શ્રીજી પ્રસન્નાર્થે (ડાંગરવાવાળા)	મુંબઈ
૧૦૦-૦૦ શ્રી દિપેશ રસિકભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી સીતાબેન મગનલાલ પ્રજાપતિ ચિ. નમ્રતા ધો.-૧૨ માં પાસ થઈ તે નિમિત્તે	બિડજ
૧૫૧-૦૦ શ્રી સીતાબેન મગનલાલ પ્રજાપતિ ઉત્તર-દક્ષિણની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે	બિડજ
૨૦૧-૦૦ શ્રી જીજ્ઞેશકુમાર રમેશચંદ્ર સોની લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી રમેશભાઈ એસ. પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી નિમિષા (પિન્કીબેન) રમેશભાઈ પટેલ (ઘનશ્યામમારબલ) શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પાર્થ પંકજકુમાર જાદવ લગ્ન પ્રસંગે	જોરાવરનગર
૧૦૧-૦૦ શ્રી હિનારવી પંકજકુમાર જાદવ લગ્ન પ્રસંગે	જોરાવરનગર
૧૦૧-૦૦ શ્રી રસિકલાલ ડી. જાદવ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	જોરાવરનગર
૧૦૧-૦૦ શ્રી નરનારાયણદેવ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી રોનક નરેન્દ્રભાઈ ટાંક જન્મદિન નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ શંકરલાલ ભાવસાર જન્મ દિન નિમિત્તે	
૧૦૦-૦૦ શ્રી કલ્પનાબેન જીતેન્દ્રભાઈ બાબાના જન્મ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી હિતેષ મગનભઈ ગાંગાણી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અંકિત મગનભાઈ ગાંગાણી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૧-૦૦ શ્રી કાજલબેન નનુભાઈ દેવાણી પગાર થયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણાબેન જગદીશભાઈ રામપરીયા લગ્નના ૧૪ વર્ષ પુરા થયા તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી જીજ્ઞાબેન મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦ શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૦-૦૦ પટેલ સ્વરાજ પ્રવિણભાઈ પંચાયત સહાયકની નોકરી મળી તે નિમિત્તે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈટીંબા
૧૦૦-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી વસંતભાઈ સીતારામપટેલ ચિ. ભાણી સેજલના લગ્ન પ્રસંગે	ઊંઝા
૧૦૧-૦૦ શ્રી અંબાબેન રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી રાજવીરસિંહ મહિપતસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૨૦૧-૦૦ શ્રી વિનોદકુમાર ડાહ્યાભાઈ પટેલ મહાલક્ષ્મી મમરાનું મશીન લાવ્યા તે નિમિત્તે	રાણીપ
૨૫૦-૦૦ શ્રી અલ્પેશ જગજીવનભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	મોટેરા
૨૫૦-૦૦ શ્રી અતુલ જગજીવનભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી ગીરીશભાઈ ગોવિંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૧૦૧-૦૦ અર્પિત પંકજભાઈ પટેલ ધો.-૧૦ માં ૭૮ ટકાએ પાસ થયા તે નિમિત્તે	હંસપુરા
૧૦૦-૦૦ એક હરિભક્ત પુત્રના વેવિશાળ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી ધનુર્માસ નિમિત્તે	માણેકપુર
૨૦૦-૦૦ શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ વિદેશથી સ્વદેશ સુખરૂપ આવ્યા તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦ શ્રી પોપટલાલ કેશવલાલ પટેલ લગ્ન પ્રસંગે	ડાંગરવા

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મહેસાણાનગરમાં નૂતન નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

વક્તા : શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી જેતલપુરધામ)

૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ સહિંતા પારાયણ તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૧-૨-૨૦૦૯

ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ પુરોહિતપદે શાસ્ત્રી રાજેન્દ્રભાઈ શુકલ-ઉમરેઠ

યોગ શિબિર - પ્રશિક્ષણ : યોગાચાર્યશ્રી વિજયાનંદજી મહારાજ - હરિદ્વાર તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૦-૨-૨૦૦૯

સમય : સવારે ૬-૦૦ થી ૭-૦૦

સાંસ્કૃતિક કાર્યક્રમ ● રક્તદાન કેમ્પ ● રોગનિદાન કેમ્પ ● યોગચિકિત્સા કેમ્પ

કળશ સ્થાપના ● ધજા સ્થાપના

બ્રાહ્મણ બટુકોને સમૂહ યજ્ઞોપવિત વિધિ તા. ૧૦-૨-૦૯

નગરયાત્રા તા. ૧૦-૨-૦૯ બપોરે ૨-૩૦ કલાકે

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદની શાખા

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણા. હાઈવે રોડ, ફોન : (૦૨૭૬૨) ૨૪૪૭૭૭

મહોત્સવ સ્થળ : એસ.ટી. વર્કશોપ ગ્રાઉન્ડ, મહેસાણા.

નોંધ :- પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બ્રાહ્મણ બટુકોને સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર વિધિ (વિના મૂલ્યે) તા. ૧૦-૨-૨૦૦૯ના રોજ સંપન્ન થશે. લાભાર્થી ભૂદેવોએ પ્રવેશ પત્ર તા. ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૦૯ સુધીમાં ઉપરના સરનામે ભરીને મોકલી આપવા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : ગં.સ્વ. અશ્રુમતીબેન નવીનચંદ્ર વાડીલાલ ચોકસી શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મુંબઈ મુલુન્ડ : પ.ભ. હીરજીભાઈ ચૌહાણ (ઉ. ૭૩ વર્ષ) (મૂળ જામસર હાલાર મૂળીદેશ) તા. ૬-૧૨-૦૮ ને શનિવારના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે. જેઓ શ્રી નરનારાયણદેવ ગાદી અને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ અને ધર્મકુળ પરત્વે અત્યંત નિષ્ઠાવાળા હરિભક્ત હતા.

વિસનગર : શ્રી સહજાનંદ કિશોર મંડળના પ્રમુખ અમિતભાઈ સથવારાના પિતાશ્રી શ્રીકનુભાઈ જોઈતારામ સથવારા તા. ૧૦-૧૨-૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

રામપરા (તા. વઢવાણ મૂળીદેશ) : પ.ભ. કરશનભાઈ ડાહ્યાભાઈ વઢેલ તા. ૧૨-૧૨-૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

વડુ (તા. કડી) : પ.ભ. ધીરજકુમાર વિષ્ણુભાઈ પટેલ (ઉ. ૧૮ વર્ષ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા ખૂબજ નાની વયે અક્ષરનિવાસી થયા છે. તેમના પરિવારને શ્રીહરિ ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

બળોલ (ભાલ) : શ્રી રમેશભાઈ નારણભાઈ બૂટીયા તા. ૨૭-૧૨-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. વિનયકાન્ત હીરાભાઈ પટેલ (સોજીત્રાવાળા) ના ધર્મપત્ની અ.સૌ. શારદાબેન તા. ૭-૧૦-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

પાટના કુવા (તા. દહેગામ) : શ્રી વિપુલકુમાર વસંતકુમાર સોની (ઉ. ૧૯ વર્ષ) તા. ૬-૧૨-૦૮ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


બાપુનગર-અમદાવાદ : પ.ભ. બાબુભાઈ ટપુભાઈ આંસોદરિયા (ડી-લાઈટ રેફ્રીજરેશન)ના માતુશ્રી પુરીબેન ટપુભાઈ આંસોદરિયા (ઉ. ૮૫ વર્ષ) તા. ૧૫-૧૨-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : પ.ભ. સુરેન્દ્રભાઈ કાંતિલાલ દવે (મૂળ મહુધા હાલ અમદાવાદ) તા. ૨૧-૧૨-૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

(૧) સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. (૨) લીંબડી મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજના અન્નકૂટ દર્શન. (૩) વિહાર ગામે પ.ભ. કાંતિભાઈ જે. પટેલ દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે તેમના પુત્રને આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે સ્વા. દેવપ્રકાશદાસજી. અને આરતી ઉતારતા પરિવારજનો. (૪) જેતલપુર ધામ પારાયણ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. (૫) બદ્રિનાથ ધામ આપણા મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, દેવસ્વામી (મહંત શ્રીનારણઘાટ) અને યજમાનો.


Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



1


2


3


4


5


6

(૧) દુબઈમાં શ્રી નરનારાયણ દેવ ગાદીના (મૂળી દેશના હાલારના) પ.ભ. ભીમજીભાઈ ટાંકની ફેક્ટરીનું ઉદ્‌ઘાટન કરતા પરમપૂજ્ય મોટામહારાજશ્રી સાથે આપણા સંતો અને પ.ભ. ભીમજીભાઈ. (૨) દુબઈમાં પ.ભ. ભીમજીભાઈ ટાંકની નવી ઓફિસમાં મહાપૂજામાં બિરાજી દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને લાભ લેતા સંત-હરિભક્તો. (૩) આપણા ચેરિહીલ (અમેરિકા) મંદિરમાં અન્નકૂટ દર્શન. (૪) સીડની (ઓસ્ટ્રેલીયા) આપણા મંદિરમાં અન્નકૂટ દર્શન. (૫) કોલોનીયા (અમેરિકા) મંદિરમાં દર્શન આપતા શ્રી ઘનશ્યામમહારાજ. (૬) મહેસાણાના નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિજય સ્થંભ સ્થાપના પ્રસંગે નિજ મંદિરનું નિરીક્ષણ કરતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. પી.પી. સ્વામી.

Shreeji Art (079) 26580916, 9879606686